Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ફસાયેલા લોકોને બચાવવાનું ચાલે રહેશે : અમેરિકા

PAGE NO. 18

FRIDAY, 27 AUGUST, 2021 Vol. 18, No. 35 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news







### અમેરિકા, બ્રિટન તેમજ ફ્રાંસની ચેતવણીના કલાકોમાં જ અફઘાનિસ્તાનમાં ISISનો આત્મઘાતી હુમલો

# કાબુલ એરપોર્ટ બ્લાસ્ટથી ધ્રૂજ્યું 4 અમેરિકન કમાન્ડો સહિત 40 મોત, 120થી વધુ ઘાયલ

**કાબુલ**

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ ભારત, અમેરિકા સહિત ઘણા દેશો મોટા પાયે રેસ્ક્યૂ મિશન ચલાવી રહ્યા છે. આ દરમિયાન ગુરુવારે સાંજે કાબુલ એરપોર્ટ પર સિરિયલ બ્લાસ્ટ થતા 40થી વધુ લોકોના મોત થયા હતા, જ્યારે આ ઘટનામાં 120થી વધુ લોકો ઘાયલ થયા હતા. કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલા પહેલા ફ્રાન્સ સહિતના દેશોએ ચેતવણી આપી હતી, જેના કલાકો બાદમાં કાબુલ એરપોર્ટ પર ISIS દ્વારા આત્મઘાતી હુમલો કરાયો હતો. 3થી વધુ સિરિયલ બ્લાસ્ટમાં પ્રથમ વિસ્ફોટ એરપોર્ટના અબે ગેટ પર થયો હતો. આ પછી, બીજો વિસ્ફોટ એરપોર્ટ નજીક બરૂન હોટલ પાસે થયો, જ્યાં બ્રિટિશ સૈનિકો રોકાયા હતા. વિસ્ફોટ બાદ કાબુલ એરપોર્ટ અને તેની આસપાસના વિસ્તારોમાં બ્લાસ્ટના કારણે ગભરાટનું વાતાવરણ છે. સિરિયલ બ્લાસ્ટમાં ચાર યુએસ મરીન કમાન્ડો પણ મૃત્યુ પામ્યા છે. ત્રણ ઘાયલ થયા છે. વિસ્ફોટ પહેલા પહેલા અફઘાનિસ્તાનની રાજધાની કાબુલના એરપોર્ટ પરથી ઈટાલિયન લશ્કરી વિમાન ઉડ્યા બાદ તેના પર ફાયરિંગ કરવામાં આવ્યું છે. જોકે તેમાં કોઈને ઈજા થઈ ન હતા. બ્લાસ્ટ બાદ હવે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ત્યાંથી ખાલી કરાવવામાં આવી રહેલી કામગીરીને અસર થશે. જેમ અલ જઝીરા કહે છે કે આ એક આત્મઘાતી હુમલો છે, આવી સ્થિતિમાં વિશ્વના વિવિધ દેશો દ્વારા ચલાવાતા રેસ્ક્યૂ ઓપરેશન અસર થઈ શકે તેમ છે.

વધુ વિગત માટે વાંચો પેજ નં. 18



## બ્રિટન: તાકીદની બેઠક બોલાવી

કાબુલ બ્લાસ્ટ બાદ યુકે સરકારે પણ કાર્યવાહી શરૂ કરી દીધી છે. વિસ્ફોટો સંદર્ભે બ્રિટને ઇમરજન્સી બેઠક બોલાવી છે. આ પહેલા બ્રિટન અને અમેરિકાએ પણ અફઘાનિસ્તાનમાં આતંકી હુમલાની શક્યતા વ્યક્ત કરી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે ISISના આતંકવાદીઓ આ વિસ્ફોટ કરી શકે છે. આ સિવાય ઈઝરાયેલના વડાપ્રધાનની અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથેની બેઠક પણ વિસ્ફોટના કારણે સ્થગિત કરવામાં આવી છે.

## US : નાગરિકો માટે એડવાયઝરી જારી કરી

બે વિસ્ફોટો બાદ અમેરિકાએ તેના નાગરિકોને કાબુલ એરપોર્ટની નજીક ન જવાની સલાહ આપી છે. અમેરિકી સંરક્ષણ મંત્રાલયે પહેલા વિસ્ફોટ બાદ જ આની પુષ્ટિ કરી હતી. અમેરિકાના સંરક્ષણ સચિવ જ્હોન કિર્બીએ ટ્વિટ કર્યું હતું કે, કાબુલ એરપોર્ટના ગેટ પર જોરદાર વિસ્ફોટ થયો છે. મૃત્યુઆંકની હજુ સુધી પુષ્ટિ થઈ નથી અને માહિતી મળતાં જ આપીશું.

## ફ્રાન્સ : રાજદુતોને પરત ખેંચી લેશે

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને કહ્યું છે કે ફ્રાંસ અફઘાનિસ્તાનથી તેના રાજદૂતોને પરત ખેંચી લેશે. આ રાજદૂતો પેરિસથી કામ કરશે. ફ્રાન્સ કાબુલમાંથી મોટી સંખ્યામાં અફઘાનને બહાર કાઢવાનો પ્રયત્ન કરશે. કાબુલ એરપોર્ટ પર છેલ્લા ઘણા દિવસોથી ભારત, અમેરિકા સહિત ઘણા દેશો પોતાના નાગરિકોને પરત લાવી રહ્યા છે. હજારો અફઘાન નાગરિકોને પણ બચાવવામાં આવ્યા છે.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# અફઘાનિસ્તાનથી ૧૧૦૦ લોકોને પરત લાવવામાં કેનેડા સફળ

## સશ્ત્રદળો અને 12 ફલાઈટસની મદદ લેવાઈ, અમેરિકાએ અફઘાનિસ્તાનથી 17000 લોકોને છોડાવ્યા



**ટોરોન્ટો**

કેનેડાના ઈમિગ્રેશન મિનીસ્ટર માર્કો મેન્ડીસીનોએ રવિવારે જણાવ્યું હતું કે, કેનેડા આ મહિનામાં અફઘાનિસ્તાનમાં રહેલા ૧૧૦૦થી વધુ લોકોને ફલાઈટસ દ્વારા પરત લાવી ચુકયું છે અને તાલિબાન કાબુલ પહોંચે એ પહેલા ૪૦ પરિવારોને પરત લાવવામાં આવ્યા હતા. તેમનો કવોરન્ટાઈન સમય પણ હવે પૂર્ણ થયો છે. મીડિયાના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, અમારા સશસ્ત્રદળોએ નોંધપાત્ર રીતે ૧૨ ફલાઈટસ દ્વારા ૧૧૦૦થી વધુ લોકોને પાછા લાવવામાં સફળતા મેળવી હતી.

આ અફઘાન પરિવારો ચોથી ઓગસ્ટથી કેનેડા આવવા માંડયા હતા. કેમ કે, કેનેડાની બચાવ ટીમોને કેટલાક દિવસ રાહ જોવી પડી હતી. જો કે, કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કાબુલ એરપોર્ટ પર તાલિબાનની હાજરીને દોષ આપ્યો હતો. ગુરૂવારથી એમને પરત લાવવા માટેની ફલાઈટસ શરૂ થઈ હતી. ત્રણ વિમાનોમાં ૪૦૦થી વધુ લોકોને દેશની બહાર કાઢવામાં આવ્યા હતા. રવિવારની પત્રકાર પરિષદમાં મેન્ડીસીનોએ જણાવ્યું હતું કે કેનેડાની ફલાઈટસ ૧૯મી ઓગસ્ટથી શરૂ થઈ હતી. આ પહેલી ફલાઈટમાં ૧૭૫ અફઘાન અને ૧૩ વિદેશી નાગરિકો કાબુલ છોડી ગયા હતા. જયારે ૧૦૬ લોકો શુક્રવારે અને શનિવારે ૧૨૧થી વધુ લોકો કાબુલ છોડી ગયા હતા. એ પહેલા આ માસના આરંભે ૪૦ અફઘાન પરિવારો કેનેડા આવી પહોંચ્યા હતા અને તેમનો કોવિડ -૧૯નો કવોરન્ટાઈન સમય પણ હમણાં જ પુરો થયો છે.

કેનેડા આવેલા એક પરિવારમાં તો કેનેડા આવ્યા બાદ પુત્રીનો જન્મ થયો હતો. અને એ બાળકી હવે કેનેડીયન નાગરીક બની છે. દરમિયાન શનિવારે અમેરિકામાં મેજર જનરલ વિલિયમ ટેલરે પત્રકારોને જણાવ્યું હતું કે, અમેરિકાએ અફઘાનિસ્તાનથી ૧૭૦૦૦ લોકોને છોડાવ્યા છે.

# ટોરોન્ટોમાં વેકસીન વિરોધી દેખાવકારોથી રેસ્ટોરાં માલિક ત્રસ્ત, પોલીસની નિષ્ક્રિયતા

## અસામાજિક તત્વો ઘાટાઘાટી કરીને સ્ટાફ અને ગ્રાહકોને પરેશાન કરતા હોવાની રાવ

**ટોરોન્ટો**

ટોરોન્ટોના એક રેસ્ટોરાંની મહિલા માલિકે કહ્યું હતુ કે, શહેર અને પ્રાંતમાં ચાલી રહેલા વેકસીન વિરોધી આંદોલનને કારણે એમના બિઝનેસ પર અસર પડી રહી છે. જેને કારણે તેણી ત્રાસી ગઈ છે.

ટવિટર ઉપર રવિવારે મુકાયેલી પોસ્ટમાં જેન એગે લખ્યું હતુ કે, શહેરમાં આવેલી તેની બે રેસ્ટોરાં પૈકીની એકમાં શનિવારે રાત્રે વેકસીન વિરોધીઓએ એકત્ર થઈને મોટેમોટેથી વેકસીનના વિરોધમાં ઘાટાઘાટી કરી અમારા સ્ટાફ અને ગ્રાહકોને પરેશાન કર્યા હતા.

છેલ્લા કેટલાક શનિવારોથી આ ક્રમ ચાલી રહ્યો છે. મને નવાઈ લાગે છે કે, ટોરોન્ટોના મેયર જોન ટોરી અને પ્રિમીયર ડગ ફોર્ડ આવા લોકોને અમારા માથે શું કામ મારી દીધા છે. પોલીસ પણ અમને મદદ કરતી નથી અને કોઈ સત્તાધિશો એ તરફ ધ્યાન આપતા નથી. ટવીટની સાથે પોસ્ટ કરેલા વિડીયોમાં વિરોધીઓ સાઈડવોક પર ચાલતા જોવા મળે છે, જે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, નારાઓ પોકારે છે અને હાથમાં પોસ્ટર્સ અને વેકસીનનો વિરોધના સૂત્રોચ્ચારો સંભળાય છે. પોલીસ ઉભી રહીને આ તમાશો જોતી રહે છે. જેન લખે છે કે, આને શાંતિપૂર્ણ દેખાવ કઈ રીતે કહી શકાય. સોમવારે તેણે ટવીટ કર્યું હતું કે, ફોર્ડે રેસ્ટોરા વ્યવસાયને ટેકો આપવો જોઈએ અને વિરોધીઓને એમનાથી દૂર રહેવા કહેવું જોઈએ. કેમ કે, છેલ્લા ૧૭ મહિનાઓથી અમે અસ્તિત્વ ટકાવી રાખવા મથી રહ્યા છીએ અને જયારે બધુ બરાબર શરૂ થાય ત્યારે આવી ઘટનાઓને કારણે અમારા બિઝનેસ પર અસર પડે છે. ટોરોન્ટો પોલીસે પણ આવા વિરોધ પ્રદર્શનો સમયે ધ્યાન આપવું જોઈએ એમ પણ તે લખે છે.

# કેનેડા આહિર અને યાદવ સમાજ દ્વારા ગેટ ટુ ગેધર પીકનીક યોજાઈ



**ઓન્ટેરિયો :** યાદવ- આહિર સમાજ કેનેડા દ્વારા A Get- together Picnic 2021નું આયોજન કરાયું હતુ. 21 ઓગસ્ટ 2021ના રોજ રેની પાર્ક, ટોરોન્ટો ખાતે યોજાયેલી પીકનીકમાં GTA માં રહેતા યાદવ-આહિર સમાજના લોકો અને પરિવારના વિદ્યાર્થીઓ, બાળકો સહિત અંદાજે 60 લોકો જોડાયા હતા. લોકોએ સવારે નાસ્તો કર્યા બાદ બપોરના ભોજનમાં પંજાબી શાકાહારી ભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. પિકનિકમાં વ્યક્તિગત અને વોલીબોલ, બેડમિન્ટન જેવી રમતો રમાડવામાં આવતા સૌ સભ્યોએ ભાગ લીધો હતો. પિકનીકનું આયોજન હિરેન યાદવ અને નરેન આહિર દ્વારા કરવામાં આવ્યું હતું, જે ભારતના જુદા જુદા રાજ્યો અને નેપાળના મૂળ સમુદાયના સભ્યો દ્વારા સમર્થિત હતા અને અહીં જીટીએમાં સ્થાયી થયા હતા.

# કોવિડ સામે રક્ષણ આપવામાં એરોસોલ માસ્ક સૌથી ઉત્તમ : અભ્યાસનું તારણ

## માસ્કમાં ઉચ્છવાસમાં નીકળેલા એરોસોલ પૈકીના 60 ટકાને ફિલ્ટર કરવાની ક્ષમતા

ટોરોન્ટો : ઓન્ટેરિયોમાં એન્જિનિયરિંગ સંશોધકોએ હાથ ધરેલા એક અભ્યાસનું તારણ બહાર આવ્યું છે કે, હાઈ એફિશિયન્સી માસ્કસ કાપડ કે, સર્જિકલ માસ્કની સરખામણીમાં એરોસોલ ફિલ્ટરીંગમાં વધુ સક્ષમ છે. યુનિર્વસિટી ઓફ વોટરલૂના સંશોધકોએ જુદા જુદા પ્રકારના માસ્કની કામગીરી વિશે વિસ્તૃત સંશોધન કરી એરોસોલના ફિલ્ટરીંગનો અભ્યાસ કર્યો હતો. જે પ્રવાહી અને ઘન કણોને ફિલ્ટર કઈ રીતે કરી શકે છે એ જોયું હતું. જેનું કદ ૦.૦૦૧ મિ.મિ. જેટલું હોય છે અને હવામાં ફેલાય છે. અભ્યાસનું તારણ જર્નલ ફિઝિકસ ઓફ ફલુઈડસમાં પ્રગટ થયું છે. સંશોધન કરનારી ટીમે સીપીઆરના પુતળાને માસ્કસ પહેરાવીને તપાસ કરી હતી. જે વ્યકિતના શ્વાસોચ્છવાસમાં નીકળતા એરોસોલ ડ્રોપલેટસને અટકાવવાની ક્ષમતાને માપી શકે છે.

સંશોધકોએ જોયું હતું કે, આર ૯૫ માસ્કસ ઉચ્છવાસમાં નીકળેલા એરોસોલ પૈકીના ૬૦ ટકાને ફિલ્ટર કરવાની ક્ષમતા ધરાવે છે. જયારે કેએન ૯૫ માસ્કની ક્ષમતા ૪૬ ટકા જેટલી છે. બીજી તરફ કાપડના માસ્ક અને તબીબી માસ્કસની ક્ષમતા માત્ર ૧૦થી ૧૨ ટકા જેટલી જ હોય છે.

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
Residential
New Construction
Investment
Commercial



MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# સ્કારબોરો મસ્જીદમાં તોડફોડ મામલે અંતે પોલીસ તપાસ શરૂ

## ઘટના પૂર્વ આયોજિત હોવાનો સેન્ટરના પ્રમુખ અતિકુર રહેમાનનો દાવો, હુમલાખોરો મધરાતના સમયે બારી તોડીને મસ્જિદમાં પ્રવેશ્યા હોવાનું અનુમાન

**ટોરોન્ટો**

ટોરોન્ટો પોલીસે સ્કારબોરોની મસ્જીદમાં વિકેન્ડમાં થયેલી તોડફોડની તપાસ શરૂ કરી દીધી છે. કિગ્ગસ્ટન રોડ અને બ્રિમલે રોડ નજીકના બૈતુલ જાન્હા ઈસ્લામિક સેન્ટર ખાતેની મસ્જીદમાં સવારની નમાઝ સમયે લગભગ ૫.૩૦ કલાકે મસ્જીદ ખોલવામાં આવી ત્યારે ભાંગફોડની ઘટનાની જાણ થઈ હતી.

મસ્જીદના પ્રાર્થનાખંડોમાં પણ તોડફોડ થઈ હતી, તેમજ કુરાનની કેટલીક નકલો પણ જમીન પર પડેલી જોવા મળી હતી અને બે દાનપેટીઓ પણ તોડવામાં આવી હતી તેમજ કાર્યાલયમાં પણ ભાંગફોડ કરવામાં આવી હતી.

સેન્ટરના પ્રમુખ અતિકુર રહેમાને કહ્યું હતું કે, આવી ઘટના આપણા સમાજમાં અને આપણી મસ્જીદમાં બની એ ઘણી જ દુઃખદ બાબત છે. તેમનું એવું માનવુ છે કે, હુમલાખોરો મધરાતના સમયે બારી તોડીને મસ્જીદમાં પ્રવેશ્યા હશે. તોડફોડ ઉપરાંત મસ્જીદમાં લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરા પણ ડીસ્કનેકટ કરી દેવાયા હતા અને સિસ્ટમનું ડીજિટલ વિડીયો રેકોર્ડર પણ ચોરાઈ ગયું હતું.

રહેમાને કહ્યું હતું કે, આ ઘટના પૂર્વ આયોજિત હતી. જેથી એ વિશે અમે કંઈજ કહી શકીએ એમ નથી. તપાસ અધિકારીઓ કહે છે કે, આ મસ્જીદને ૨૦૧૮થી અનેકવાર નિશાન બનાવવામાં આવી રહી છે. જેમાં તોડફોડ અને ચોરીનો સમાવેશ થાય છે.

રહેમાને એમ પણ કહ્યું હતું કે, એકવાર તો એક ડઝનથી વધુ દાનપેટીઓ ચોરાઈ હતી. જેમાં હજારો ડોલરની રકમ હતી. અમારી પાસે ૧૫ દાનપેટીઓ હતી. જેમાંથી એક જ બચી છે. તેઓ બધા પૈસા લઈ ગયા અને દરવાજાઓ



તોડી નાંખ્યા છે.

હવે અમારે તાળાઓ બદલવા પડશે. આવી તોડફોડની ઘટનાને પગલે મુસ્લીમ સમાજ અસહાયતા અનુભવે છે અને ન્યાયની માંગણી કરે છે.

મસ્જીદના અધિકારીઓ કહે છે કે, આવી ઘટનાને કારણે સમાજમાં ભયનું વાતાવરણ ઉભુ થાય છે અને લોકો મસ્જીદમાં દાન આપવાનું ટાળે છે. આવી ઘટનાની તપાસ થવી જોઈએ અને ગુનેગારોને પકડી તેમની સામે પગલા લેવાવા જોઈએ.

સ્કારબોરો સાઉથવેસ્ટના એમપીપી ડોલી બેગમે અગાઉ આ મસ્જીદમાં પ્રાર્થના કરી હતી. તેમણે રવિવારની ઘટનાને વખોડી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, આવુ થાય એ ઘણું દુઃખદ ગણાય. તેમણે ઘટનાની તપાસ ઝડપથી થાય અને સમાજને ન્યાય મળે એવી માંગણી પણ કરી હતી. આ ઉપરાંત સરકાર ઈસ્લામોફોબિયા તરફ વધુ ધ્યાન આપે એમ પણ કહ્યું હતું.

પ્રાંતમાં રંગભેદ ન હોવો જોઈએ અને જાતિ અને ધર્મના આધારે હિંસા પણ ન હોવી જોઈએ એમ તેમણે કહ્યું હતું.

રવિવારે બપોર બાદ ટોરોન્ટો પોલીસના સ્પેશિયલ કોન્સ્ટેબલ્સે મસ્જીદમાં આવીને તપાસ શરૂ કરી હતી. હાલમાં કોઈ ચોક્કસ શંકાસ્પદનું નામ સામે આવ્યું નથી. અગાઉની ઘટનાઓ સાથેની કોઈ કડી પણ મળી નથી.

# ટ્રુડોની જાહેરાત : ચૂંટણી જીતશે તો હોમ સેવિંગ એકાઉન્ટ યોજના

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો : લિબરલ નેતા અને કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ મંગળવારે નવેસરથી વચન આપતા કહ્યું હતું કે, સરકાર જે કેનેડીયનો નવું ઘર ખરીદવા માંગતા હોય, તેમના માટે અનેક પ્રોત્સાહનો આપશે. હેમિલ્ટનમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, દેશમાં રીયલ એસ્ટેટ માર્કેટ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહી છે. એવા સમયે નવું ઘર ખરીદવા માંગતા કેનેડીયનોને સરકાર પ્રોત્સાહનો આપી માર્કેટમાં પ્રવૃત્તિને વેગ આપવા માંગે છે. જેને માટે સરકાર કરોડો ડોલરનું ધિરાણ આપશે તેમજ વિદેશીઓની ખરીદી પર પ્રતિબંધ પણ લાદશે.આ ઉપરાંત એસ્ટેટ એજન્ટોની કામગીરી પર પણ ધ્યાન રાખશે. જેથી સાચા ખરીદારોને મુશ્કેલી ન પડે. એને માટે ત્રણ મુદ્દાની યોજના બનાવી છે. જેમાં અનલોક હોમ ઓનરશીપ માટે સરકારી ધિરાણની વ્યવસ્થા હશે. તમારા કામના સ્થળથી નજીક ઘર ખરીદનારને વધુ પ્રોત્સાહન અપાશે. જો ૨૦મી સપ્ટેમ્બરની ચૂંટણીમાં લિબરલ પાર્ટી જીતશે તો સૌ પ્રથમ હોમ સેવિંગ એકાઉન્ટની યોજના ૪૦ વર્ષ સુધીના કેનેડીયનો માટે શરૂ કરાશે. જેનાથી પહેલા ઘર માટે ૪૦૦૦૦ યુએસ ડોલરની બચત કરી શકશે અને કરમુકત ખાતુ હશે. તેમના ખાતામાં જમા થનારી રકમ ઉપર કોઈ ટેકસ નહીં લાગે. તેમને ૫૦૦૦થી ૧૦૦૦૦ યુએસ ડોલર જેટલી ટેકસ ક્રેડીટ પણ મળી શકશે. મોર્ગેજ ઈન્સ્યોરન્સના દરમાં પણ મોટો ઘટાડો કરાશે. બીજી યોજનામાં રેન્ટ ટુ ઓન હેઠળ નવું ધિરાણ અપાશે અને ભાડાના મકાનમાં રહેનારા પોતાનું મકાન ખરીદી શકશે. જેને માટે એક બિલીયન યુએસ ડોલરની જોગવાઈ રાખવામાં આવશે.

# ઓન્ટેરિયોમાં કોવિડના કેસમાં ફરી વધારો થવાની ચેતવણી આપતું સાયન્સ ટેબલ

## 3 અઠવાડિયા પછી ઈન્ફેકશનના દરરોજ 1300 કેસ આવવાની સંભાવના

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોના કોવિડ-૧૯ સાયન્સ ટેબલના વડાએ ચેતવણી આપી છે કે, જો અત્યારના દરે કેસોમાં વધારો થતો રહેશે તો આવનારા ત્રણ અઠવાડિયામાં કોવિડના ઈન્ફેકશનનો આંક દરરોજનો ૧૩૦૦થી વધી શકે છે. ટેબલના ડાયરેકટર ડો. પીટર જુનીએ ચિંતા વ્યકત કરતા કહ્યું હતું કે, ડેલ્ટા વેરીયન્ટના સંક્રમણનો ખતરો વધી રહ્યો છે. ત્યારે છેલ્લા થોડા અઠવાડિયાથી કેસોમાં વધારો થઈ રહ્યો છે. સોમવારે તેમણે જણાવ્યું હતું કે, પ્રાંતમાં નવા કેસોમાં જે રીતે વધારો થઈ રહ્યો છે એ ચિંતાજનક છે. આવું જ ચાલતું રહેશે તો આવનારા ત્રણ અઠવાડિયામાં દૈનિક કેસોની સંખ્યા ૧૩૦૦ની આસપાસ રહેવાની સંભાવના છે. ટેબલના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, હાલમાં કેસોનો બમણા થવાનો



દર અત્યારે ૨૨ દિવસનો છે. એટલે કે અત્યારના કેસો એટલા સમય પછી બમણા થઈ શકે છે.

અગાઉ આ સમય ૧૦ દિવસનો હતો, એની સરખામણીમાં આ સમય વધુ છે. સોમવારે ઓન્ટેરિયોમાં ૬૩૯ નવા કેસ નોંધાયા હતા. જે આગલા અઠવાડિયાની સરખામણીમાં ૧૦૦ કેસ વધુ હતા. સાત દિવસની સરેરાશ ૫૮૦ કેસની રહી હતી. જે ગયા અઠવાડિયાની સરખામણીમાં ૨૪ ટકા વધુ હતી. જો કે, ચોથા વેવની શરૂઆત હોવાથી કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આમ છતાં આઈસીયુમાં અગાઉ જેવો ધસારો હજુ જોવા મળ્યો નથી એમ ડો. જુનીએ કહ્યું હતું. જો કે, એને માટે વેકસીનેશનની ગતિ જવાબદાર હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતુ કે, આવા સમયે શાળાઓ શરૂ થાય ત્યારે વધુ સાવચેતી રાખવાની આવશ્યકતા હશે. ૧૨ વર્ષથી ઓછા વયના બાળકો માટેના વેકસીનેશનનો આરંભ થશે, એટલે બાળકોની સલામતીની ખાતરી પણ મળશે. પરંતુ એમા આ વર્ષના અંત સુધી રાહ જોવી પડશે. સાયન્સ ટેબલ તરફથી જે માહિતી જાહેર કરવામાં આવે છે એના પર લોકોને વિશ્વાસ છે. એટલે અમે સાવધાની પૂર્વક નવો ડેટા પણ ટૂંક સમયમાં જાહેર કરીશું એમ પણ ડો. જુનીએ કહ્યું હતું.

# નટરાજ યુથ કલ્ચર ઓર્ગેનાઈઝેશનનો ‘ડ્રાઈવ થ્રુ ગુજરાત ફ્લોટ’ પાંચમા ક્રમે




**ટોરોન્ટો**

ટોરન્ટો શહેરમાં પનોરમા ઈન્ડિયા અને કોન્સોલેટ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા 75માં ભારતીય સ્વતંત્રતા દિવસની ઉજવણી ડ્રાઈવ થ્રુ પરેડ કરવામાં આવી હતી. જેમાં ભારતના 28 સ્ટેટના લોકોએ ભાગ લીધો હતો. સાઉથ ઈન્ડિયન ફુડ, ડાન્સ, આર્ટ અને બીજી ઘણી બધી એક્ટીવીટી હતી. ગાઈડ લાઈનના પાલન સાથે ડ્રાઈવ થ્રુ પરેડ પેરેમાઉન્ટ પુડ સેન્ટર, મીસીસાગા, ઓન્ટારિયોમાં




કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ સ્ટેટના બુથને શણગાર્યા હતા. નટરાજ ઓરગેનાઈઝેશન દર વર્ષે ગુજરાત ફ્લોટને શણગારે છે. NYCO આ વર્ષે પણ ઈન્ડિયા ડે પરેડમા ડ્રાઈવ થ્રુ ગુજરાત ફ્લોટ રજૂ કર્યો હતો. જેમાં એક બાજુ મીનીએર સરદાર સરોવર અને સ્ટેચ્યુ ઓફ યુનીટી અને બીજી બાજુ ગુજરાતનું ભાતીગળ કલા સંસ્કૃતિ જેવું ચાકળા, તોરણ, ગાડુ, ફાનસ, રંગોળી જેવા એલીમેન્ટનું સર્જન થયું હતું. ઢોલ સાથે ગરબા અને રાસની રમઝટ પણ માણી હતી. ચેતન ભાવસાર અને સભ્યો દ્વારા આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. NYCOનો ગુજરાત ફ્લોટ આ વર્ષે પણ પ્રથમ પાંચમાં ક્રમે વિજેતા થયો છે.

# ટોરોન્ટોમાં સીસીટીવી કેમેરાને કારણે વાહન સ્પીડીંગના કિસ્સાઓમાં ઘટાડો

## 50 કેમેરાને ફરતા રખાતા 51 ટકા ચાલકોએ ઝડપથી વાહન હંકારવાનું ટાળ્યું

**ટોરોન્ટો**

ટોરોન્ટોના મેયર જોન ટોરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, શહેરમાં ઓટોમેટીક એન્ફોર્સમેન્ટ કેમેરા લગાડવામાં આવયા હોવાથી શહેરમાં વાહનોના સ્પીડીંગના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જેને કારણે આપણા શહેરના માર્ગો સલામત બન્યા છે. સર્વેલન્સ કેમેરાઓને કારણે તેજ ગતિથી વાહનો ચલાવનારાઓ નિયંત્રણમાં આવી શકયા છે. એ ઉપરાંત માનસિક રીતે બિમાર બાળકોની હોસ્પિટલે હાથ ધરેલા સંશોધનમાં જાણવા મળ્યું હતું કે, જે ૫૦ કેમેરા ફરતા રાખ્યા છે એ વિસ્તારમાં તો સ્પીડીંગ સાવ ઓછું થઈ ગયું છે. હકીકતમાં તો પ્રાપ્ત ડેટા જણાવે છે કે, ૫૧ ટકા જેટલા વાહનો તો કેમેરા લાગ્યા બાદ વધુ ઝડપથી ચાલવાનું ટાળી રહ્યા છે. ૨૦૨૦ની શરૂઆતમાં કેમેરા લાગ્યા ત્યારથી આ ફેરફાર જોવા મળે છે. ગતિ મર્યાદાવાળા વિસ્તારોમાં પણ વાહનો નિર્ધારિત ગતિથી વધુ ઝડપે દોડતા નથી. એનું એક કારણ જેટલી વધુ ઝડપ વાહનની હોય, એના પ્રમાણમાં દંડની જોગવાઈ છે. જો નિર્ધારિત ગતિથી વધુ ગતિ હોય તો વાહને પ્રતિ કિ.મી. ૫ યુએસ ડોલરનો દંડ ભરવો પડે છે. ટોરીએ એમ પણ કહ્યું કે, આ સારી વાત છે. કેમ કે, વધુ ગતિને કારણે અકસ્માતોનું પ્રમાણ પણ વધી શકે છે અને એમાં જાનહાનિની શકયતા પણ વધુ હોય છે.

તંત્રી સ્થાનેથી

# કાબૂલમાં બ્લાસ્ટ : અફઘાનમાં ભીષણ અરાજકતાના સંકેતો



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

આજથી 6 મહિના પહેલાં અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી પોતાના સૈનિકો પરત બોલાવવાનો નિર્ણય કરતા જ દુનિયાના અનેક દેશોએ અચંબો અનુભવ્યો. આ પછી છેલ્લાં 3 મહિનામાં અમેરિકન સૈનિકોએ આફનિસ્તાન છોડી દીધું. અમેરિકાના આ અભિગમને કારણે તાલિબાને કાબુલ પર કબજો જમાવી દીધો છે. આજે અફઘાનિસ્તાનનો મોટાભાગનો વિસ્તાર તાલીબાનીઓના કબજામાં છે. આફઘાનમાં તાલીબાનીઓની સત્તા કબજે કરવાની આક્રમકતા વચ્ચે મંગળવારે દોહામાં અમેરિકન સુરક્ષા એજન્સી તથા તાલિબાનીઓ વચ્ચે બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં બંને પક્ષે શું શું સમજૂતી કરવામાં આવી તે અંગે હજી પણ બંને પક્ષે નક્કર ફોડ પડાયો નથી. એટલે દુનિયામાં અટકળોનો દૌર શરુ થઈ ગયો છે. પરંતુ તાલિબાને કોઈ પણ જાતનું યુદ્ધ લડ્યા વિના અફઘાનિસ્તાનનું શાસન હસ્તગત કરવા તરફ પગલા માંડી દીધા છે. આ ઘટનાક્રમ 2021નો દુનિયાનો સૌથી મોટો આશ્ચર્યજનક ઘટનાક્રમ છે.

આ દરમિયાન ગુરુવારે સાંજે કાબુલ એરપોર્ટ પર સિરિયલ બ્લાસ્ટ થતાં અમેરિકી નાગરિક સહિત 4 અમેરિકી મરીન કમાન્ડો સહિત 40 લોકોના મોત થયા અને 120થી વધુ લોકો ઘાયલ થયા. ખુરાશન આઈએસઆઈએસ દ્વારા થયેલા આ આત્મઘાતી હુમલાથી વિવિધ દેશોના રેસ્ક્યૂ ઓપરેશનને ગંભીર અસર પહોંચવાની સંભાવના છે. કાબુલ એરપોર્ટ પર જ્યારે પહેલો બ્લાસ્ટ થયો ત્યારે જ ફ્રાન્સે બીજા બ્લાસ્ટની ચેતવણી આપી હતી. જેની થોડી વારમાં જ બીજો બ્લાસ્ટ થયો હતો. પ્રથમ વિસ્ફોટ એરપોર્ટના અબે ગેટ પર અને પછી બીજો વિસ્ફોટ એરપોર્ટ નજીક બરૂન હોટલ પાસે થયો હતો. જ્યાં બ્રિટિશ સૈનિકો રોકાયા હતા.

કાબુલમાં સિરિયલ બ્લાસ્ટમાં ચાર યુએસ મરીન કમાન્ડો પણ મૃત્યુ પામ્યા અને ત્રણ ઘાયલ થયા. આ બ્લાસ્ટ પહેલા એરપોર્ટ પરથી ઈટાલિયન લશ્કરી વિમાન ઉડ્યા બાદ તેના પર ફાયરિંગ કરવામાં આવ્યું હતુ. મોડી સાંજ સુધીમાં કાબૂલની ઘટનામાં ઓછામાં ઓછા 40 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હોવાના અહેવાલો હતા. સૌથી મહત્વની બાબત એ છે કે, પહેલા કાબુલ એરપોર્ટ ઉપર આતંકી હુમલાની ચેતવણી આપવામાં આવી હતી. જેમાં કાબુલના એરપોર્ટ પરથી દેશ છોડીને ભાગી રહેલા લોકોની ભીડનો ફાયદો ઉઠાવીને આતંકવાદી ગમે ત્યારે મોટો હુમલો કરવાની કોશિશ કરી શકે તેવા ઈનપૂટ અમેરિકા, બ્રિટન તથા ઓસ્ટ્રેલિયાની એજન્સીને પહેલાથી જ મળ્યા હતા. કાબૂલમાં બનેલી ઘટનાના બે દિવસ પહેલાં જ તાલિબાને દોહા ખાતે યોજેલી બેઠકમાં અમેરિકા સાથે સમજૂતી કરી હતી. તેથી બધુ સમુસુતરુ પાર પડી જશે તેવી ગણતરી હતી. કારણ કે, કરારની વાતને સમર્થન આપતી કેટલીક જાહેરાત તાલિબાને કરી છે. જેમાં તાલીબાની રાજમાં મહિલાઓને શરિયા કાનૂન મુજબ આઝાદી આપવા અને તેમને સ્કૂલે જતાં નહીં રોકવામાં આવે તે ઉપરાંત અફઘાનિસ્તાનમાં રહેલા કોઈ વિદેશી નાગરિકની કનડગત કરાશે નહીં તેવા વચન અપાય હતા.


સમજૂતી મુજબ કાબુલના એરપોર્ટનો કબજો અમેરિકી લશ્કરે પોતાના હાથમાં રાખ્યો હતો અને તેણે વિદેશી નાગરિકોને બહાર જવામાં મદદ પણ કરવા માંડી હતી. તાલિબાનને સત્તા સોંપવાનું નાટક કરીને અમેરિકાએ કોઈ રીતે રિમોટ કન્ટ્રોલ પોતાના હાથમાં રાખ્યું છે. અમેરિકાએ પોતાનાં ૨૦ વર્ષના શાસન દરમિયાન અફઘાનિસ્તાનમાં ૮૪ અબજ ડોલરનો ખર્ચ કરીને અફઘાન નાગરિકોને તાલીમ તેમજ શસ્ત્રો આપીને ત્રણ લાખ સૈનિકોનું એક કહેવાતું અદ્યતન લશ્કર તૈયાર કર્યું હતું. જ્યારે તાલિબાને અફઘાનિસ્તાનનાં એક પછી એક શહેરો પર પોતાનો કબજો જમાવ્યો ત્યારે આ લશ્કર ક્યાં ગયું ? તેણે કેમ તાલિબાનનો સામનો કર્યો નહીં ? તે સવાલ સૌથી મહત્વનો છે. કારણ કે, આ સવાલના જવાબમાં જ અફઘાનિસ્તાનમાં અમેરિકાના પરાજયનું રહસ્ય સમાયેલું છે. હકીકતમાં અમેરિકાએ લશ્કર માટે ભરતી ચાલુ કરી ત્યારે હજારો તાલિબાન સમર્થકો જાણી જોઈને લશ્કરમાં સામેલ થઈ ગયા હતા. જ્યારે તાલિબાન સામે લડવાનો સમય આવ્યો ત્યારે તેમણે તાલિબાન સમક્ષ સમર્પણ કરી દીધું હતું. અફઘાનિસ્તાનની જેમ વિયેટનામમાં પણ અમેરિકા વર્ષો સુધી લાંબી લડાઈ લડ્યું હતું. આ લડાઈનો અંત ૧૯૭૩માં શાંતિકરાર સાથે આવ્યો હતો. તે કરાર મુજબ વિયેટનામની પૂતળાં સરકારને આપવામાં આવતી તમામ લશ્કરી સહાય બંધ કરી દેવામાં આવી હતી.

અફઘાનિસ્તાનનો રાજકીય ઈતિહાસ તપાસાય તો ૧૯૯૦ના દાયકામાં સોવિયેટ સંઘે અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યો હતો, તેની સામે લડવા માટે જ અમેરિકા દ્વારા તાલિબાનને જન્મ આપવામાં આવ્યો હતો. આધુનિક શસ્ત્રો અને તાલીમ આપીને સોવિયેટ સંઘ સામે લડાવવાનું કામ અમેરિકાએ જ કર્યું હતું. સોવિયેટ સંઘે અફઘાનિસ્તાનમાંથી પોતાનું લશ્કર પાછું ખેંચ્યું તે પછી અમેરિકાએ કાબુલમાં પોતાની કઠપૂતળી જેવી સરકારની સ્થાપના કરી હતી. તાલિબાને તે સરકારને ઉથલાવી પાડીને પોતાના રાજની સ્થાપના કરી હતી. તાલિબાને અલ કાયદા જેવા આતંકવાદી સંગઠન સાથે દોસ્તી કરી હતી. તેણે ઓસામા બિન લાદેનને પોતાના દેશમાં આશરો આપ્યો હતો. જો કે, ૯/૧૧ના આતંકવાદી હુમલા પછી અલ કાયદાને ખતમ કરવા અમેરિકાએ અફઘાનિસ્તાન પર હુમલો કર્યો હતો. આ સમયે ઓસામા બિન લાદેન ભાગીને પાકિસ્તાનના પહાડોમાં ભરાઈ ગયો હતો, જ્યાં તેને ખતમ કરવામાં આવ્યો હતો. હવે ઈતિહાસનું પુનરાવર્તન થયું છે. અમેરિકાએ ફરી અફઘાનિસ્તાન તાલિબાનના હવાલે કર્યું છે. અમેરિકાએ દોહામાં તાલિબાન સાથે જે કરાર કર્યા છે, તેની ભાષા વાંચતા પણ ખ્યાલ આવે છે કે અમેરિકા દ્વારા તાલિબાનની તાકાતનો સ્વીકાર કરાયો છે. તાલિબાનના નેતાઓ પોતાની જાતને કોઈ આતંકવાદી સંગઠન તરીકે નથી ઓળખતા, પણ અફઘાનિસ્તાનની સરકાર તરીકે ઓળખે છે. તેમણે અકઘાનિસ્તાનનું નામ બદલીને ઈસ્લામિક એમિરાત ઓફ અફઘાનિસ્તાન કરી નાખ્યું છે.

અમેરિકા સાથેના કરારમાં પક્ષકાર તરીકે આ નામનો જ ઉલ્લેખ વારંવાર કરાયો છે. તાલિબાન વતી અફઘાનિસ્તાનના જે પ્રમુખ બનવાના છે તે મુલ્લા અબ્દુલ ગની બરદાર આઠ વર્ષ સુધી પાકિસ્તાની જેલમાં રહ્યો હતો. તેને ૨૦૧૮માં છોડવામાં આવ્યો તે પણ અમેરિકાની ગુપ્ત યોજનાનો ભાગ હતો. મુલ્લા બરદાર સાથે અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના અને અમેરિકાનાં હિતોની જાળવણી બાબતમાં કોઈ ગુપ્ત કરાર કરાયા હતા. જો કે, હાલ સમગ્ર રમતમાં ભારતનું હિત કે અહિત દૂર દૂર સુધી દેખાતુ નથી. જો કે, અફઘાનિસ્તાનની રાજધીની કાબૂલમાં ગુરુવારે થયેલા ધડાકા પછી ત્યાં તાલીબાનોના સત્તાના હસ્તાંતરણ પહેલા હજી આવી અનેક ઘટના ઘટવાની દહેશત છે. તાલીબાનો અને અમેરિકા વચ્ચે કશુક રંધાઈ ગયાની વાત ISISને કદાચ ગમી નહીં હોય, તેવા સંજોગોમાં આવાનારા દિવસોમાં આફઘાનમાં વધુ ભીષણ અરાજકતા ફેલાવાની દહેશત વર્તાય રહી છે.

manoj1968@yahoo. ca



# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine Special Package

$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# રાજકોટના રાજવી પરિવારમાં ફરી ખટરાગ ૧૫૦૦ કરોડની મિલકત માટે કાનૂની જંગ

**રાજકોટ**

રાજકોટના રાજવી પરિવારમાં સ્થાવર - જંગમ મિલ્કતોના બટવારા મામલે છેલ્લા એકા'દ વર્ષથી ખટરાગ ચાલી રહ્યો છે, જે કાયદાકીય લડતમાં પણ પરિણમીને હવે મહત્વપૂર્ણ તબક્કા ઊપર આવી પહોંચ્યો છે. વર્તમાન રાજા માંધાતાસિંહ જાડેજાએ પૈતૃક મિલ્કતોની વહેંચણીમાં પોતાને અંધારામાં રાખીને આર્થિક હિતને નુકસાન કર્યા મતલબના મુદ્દે તેમના બહેન - રાજકુમારી અંબાલિકાદેવીએ અપીલ સહિત કેસ કર્યા છે, જે પૈકી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં સુનવણી પૂર્ણ થઇ ગઇ છે અને ચુકાદો આવવા પર છે, જ્યારે સિવિલ કોર્ટમાં આગામી તા. ૩૧ની મુદ્દત પડી છે.

રાજ્યના ભૂતપૂર્વ નાણાંમંત્રી એવા રાજકોટના માજી રાજવી મનોહરસિંહ જાડેજાનાં નિધન બાદ ભાઇ - બહેન વચ્ચે આ વિવાદ ઊભો થયો છે, જેમાં માજી રાજવીની વસિયત પ્રમાણે બહેનને દોઢ કરોડ રૂપિયા આપી દેવામાં આવ્યાની દલીલ સાથે માંધાતાસિંહના પક્ષેથી એવો દાવો થઇ રહ્યો છે કે બહેન અંબાલિકાદેવી પુષ્પેન્દ્રસિંહ બુંદેલાએ એ વસિયત વાંચીને ભાઇની તરફેણમાં રીલીઝ ડીડ પણ કરી આપ્યા બાદ પાછળથી આ તકરાર ઊભી કરવામાં આવી છે. આની સામે,રાજસ્થાનનાં પુષ્કરમાં પરણેલા આ રાજકુમારીનું કહેવું છે કે પિતાનાં અવસાન બાદ પોતે સહ પરિવાર માતાને મળવા રાજકોટ આવ્યા ત્યારે ભાઇએ આશાપુરા મંદિરના રખરખાવમાં વારસોની સહીની જરૂર ન પડે એવું બહાનું ધરીને જે કાગળોમાં સહી કરાવી એમાં રીલીઝ ડીડ પણ બનાવડાવી લીધું હતું.

# રાજકોટમાં બિલ્ડરને ત્યાં ITના દરોડા 100 કરોડના બેહિસાબી વ્યવહાર મળ્યા

**રાજકોટ**

રાજકોટમાં બિલ્ડર ફાઈનાન્સર, કોન્ટ્રાકટર અને ઈલેકટ્રોનિક્સનાં ધધાર્થી સહિતના ધંધાર્થીઓને ત્યાં બુધવારે આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે દરમિયાન અંદાજે ૧૦૦ કરોડના બિનહિસાબી નાણાંકીય વ્યવહારો બહાર આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આવકવેરા વિભાગ દ્વારા થોકબંધ દસ્તાવેજો, કાચી ચીઠ્ઠી, હાર્ડ ડીસ્ક કબજો કરવામાં આવી છે.

આર.કે. ગ્રૂપ પાસેથી મિલ્કતો ખરીદનારાઓના નામોની જાણકારી મળતા તેમને ખુલાસો કરવાની કાર્યવાહી શરૂ કરાતા દુકાન, ઓફિસ, ફલેટ કે પ્લોટ ખરીદનારા ગ્રાહકોમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર સહિત અન્ય વિસ્તારોમાંથી આવકવેરા વિભાગની અંદાજે ૫૦ ટીમોને અહીં રીયલ એસ્ટેટના વ્યવસાય સાથે જોડાયેલા આર.કે. ગ્રૂપના સદાનંદભાઈ સોનવાણી, કમલભાઇ, પ્રફુલ્લભાઇ ગંગદેવ, સિધ્ધાર્થભાઇ ગંગદેવ, વિક્રમભાઇ લાલાગણી, કોન્ટ્રાકટર આશિષભાઇ ટાંક, રમેશભાઇ પાંચામી સેન્ડી ગ્રૂપના હરીસિંહ સહિત ભાગીદારોના રહેણાંક ઓફિસમાં તપાસ કરાઈ હતી.

# શિવ મહિમ્નના 44 શ્લોક 1 મિનિટમાં ગાઈ બાળકીએ રેકોર્ડ કર્યો

**ભુજ**

ભુજની દિકરી પ્રિશા સચીનભાઈ ઠક્કરએ શિવ મહિમ્નના સંપૂર્ણ પાઠને માતા હેતલબેનના પુરૂષાર્થથી કંઠસ્થ કરી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં પોતાનું નામ અંકિત કર્યો છે. જડેશ્વર મહાદેવ મંદિર સુરલભીટ મધ્યે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડીયાના સિનિયર જજ મીલનભાઈ સોની તેમજ દેવ્યાની સોની અને તુષાર મહારાજની હાજરીમાં શિવ મહિમ્નના ૪૪ શ્લોક અને દરેક શ્લોકમાં ૪ પંક્તિ કે જે મિનિટમાં કડકડાક રજુ કરી પોતાના નામે આ કિર્તીમાન રેકોર્ડ સ્થાપિત કર્યો છે. પ્રિશા એ કઠીન કામને પણ સરળ કરીને એમના પરિવારને કિર્તીમાન ગૌરવ અપાવ્યુ છે.

# પ્રદૂષણથી પાક નિષ્ફળ જતા આપઘાત ધોરાજીમાં બંધ પાળીને વિરોધ-ધરણાં

## કપાસનો પાક નાશ થઈ જતાં ખેડૂતે ઝાડની ડાળીએ ફાંસો ખાધો હતો

**રાજકોટ**

ધોરાજી તાલુકાના વેગડી ગામે જી.આઈ.ડી.સી.ના પ્રદુષણથી કપાસનો પાક નિષ્ફળ જતા તેનો આઘાત નહીં જીરવાતા ભનુભાઈ મેરામભાઈ જોરીયા નામના ગરીબ ખેડૂતે વાડીમાં લીમડા નીચે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો જે કરુણ ઘટના સામે ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. બુધવારે સમસ્ત ગામે સજ્જડ બંધ પાળીને જ્યાં ખેડૂતે આપઘાત કર્યો તે સ્થળે મોટી સંખ્યામાં મહિલાઓ સહિત લોકો ભેગા થઈ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપી હતી અને સામુહિક ધરણાં યોજીને સરકારના પ્રદુષણ નિયંત્રણ બોર્ડ સામે આક્રોશ દર્શાવી પગલા લેવા અને મૃતકના પરિવારને ન્યાય આપવા માંગણી કરી હતી.

ભારતીય કિસાન સંઘે જણાવ્યું કે વેગડી ગામ પાસે ૪૦થી ૫૦ કારખાનાઓ છે, જેના પ્રદુષણ પર સરકારે કોઈ નિયંત્રણ નહીં રાખતા આજુબાજુમાં ૨૫૦ વીઘા જેટલી જમીનની કૃષિને નુક્શાન થયું છે. મૃતકના પરિવારની ચાર દિકરી, પત્ની અને માતા માટે કોઈ આવકનો સ્ત્રોત રહ્યો નથી. સરકારે અન્ય ખેડૂતોએ આવું પગલુ ન ભરવું પડે તે માટે નક્કર કાર્યવાહી કરે તેવી માંગ કરાઈ હતી.

# જન્માષ્ટમી પર્વ ઉપર દ્વારકા મંદિર દર્શન માટે ખૂલ્લુ રહેશે

**દ્વારકા-ખંભાળિયા**

દ્વારકાધીશ જગત મંદિરે પ્રતિ વર્ષ જન્માષ્ટમી ઉત્સવ ઉજવવામા આવે છે. આ ઉત્સવ દરમિયાન લાખો યાત્રિકો દર્શને આવતા હોય છે. ચાલુ વર્ષે જન્માષ્ટમી પર્વ ઉપર દ્વારકા મંદિર દર્શન માટે ખુલ્લુ રહેશે તેમ દ્વારકાધીશ વ્ય.સમિતિ અને કલેકટર દ્વારા જણાવાયુ છે. મંદિરના દર્શનના નિયત કલાકો દરમિયાન મંદિર દર્શનાર્થીઓ માટે રાબેતા મુજબ ખુલ્લુ રહેશે. મંદીરે દર્શન માટે આવનારા ભાવિકોએ કોરોનાની ગાઈડ લાઈનનું ફરજિયાત પાલન કરવાનું રહેશે. મંદિરમાં માસ્ક-સોશ્યલ ડિસ્ટન્સના નિયમો પણ ચુસ્તપણે પાળવાના રહેશે.



# સુરતના આંગણે જૈન સમારોહ: 54 મુમુક્ષુઓને દીક્ષાના મુહૂર્ત અપાશે

## પ્રથમ વાર્ષિક સમાધિ તિથિ નિમિત્તે ભવ્ય ગુણાનુવાદ થશે

**સુરત**

જૈન સમુદાયમાં દીક્ષાનગરી તરીકે જાણીતા સુરત શહેરમાં આવનારા દિવસોમાં વધુ એક ભવ્ય સામૂહિક દીક્ષા સમારોહના મંડાણ થયા છે. અગાઉ 45 અને 36 બાદ હવે સુરતમાં 54થી વધુ સામૂહિક દીક્ષા થશે. મજુરાગેટ સ્થિત દયાળજી આશ્રામમાં આયોજિત ગુરુજિન સંગમોત્સવમાં શુક્રવારે આચાર્ય યોગતિલકસૂરીશ્વરની નિશ્રામાં આ મુમુક્ષુઓને દીક્ષાના મુહૂર્ત અપાશે. આ પૂર્વે બુધવારે જૈનાચાર્ય જિનચંદ્રસૂરીશ્વરના પ્રથમ વાર્ષિક સમાધિ તિથિ નિમિત્તે ભવ્ય ગુણાનુવાદ અને મહાપૂજા થશે.

શાંતિકનક શ્રામણોપાસક ટ્રસ્ટ-અધ્યાત્મ પરિવાર દ્વારા અને 400થી વધુ ચારિત્રધરોની નિશ્રામાં 23થી 27 ઓગસ્ટ સુધી પાંચ દિવસીય ગુરુજિન સંગમોત્સવનું આયોજન કરાયું છે. સમારોહમાં બુધવારે સૂરિશાન્તિના ચરમપટ્ટધર જૈનાચાર્ય જિનચંદ્રસૂરીશ્વરની વાર્ષિક સમાધિ તિથિ નિમિત્તે સવારે રાસગાન અને વિરાટ ગુણાનુવાદ સભા યોજાશે. સાંજે 06 વાગ્યે ભવ્ય મહાપૂજા અને નૃત્યભક્તિ તથા ખડકવાડી સહ મહાઆરતી થશે.

અધ્યાત્મ પરિવારના રવીન્દ્ર શાહના જણાવ્યા મુજબ, જૈનાચાર્ય યોગતિલકસૂરીશ્વરના પથદર્શનથી આયોજિત મહોત્સવમાં ચોથા દિવસે ગુરુવારે પંન્યાસ શ્રામણતિલકવિજયને વર્ધમાન તપની 100 ઓળીની પૂર્ણાહુતિએ તપોત્સવ અને પાંચમાં દિવસે શુક્રવારે સવારે 08 વાગ્યે દીક્ષા મહોત્સવના મુમુક્ષુઓની પ્રવેશયાત્રા અને 09 વાગ્યે મુહૂર્ત પ્રદાન, ઉછામણી બોલાશે. સુરતના આંગણે આયોજિત સામૂહિક દીક્ષા મહોત્સવ સિંહસત્વોત્સવમાં સંયમ માર્ગે પ્રયાણ કરવા હમણાં 54થી વધુ મુમુક્ષો થનગની રહ્યા છે. જ્યારે આવનારા દિવસોમાં આ આંકડો વધે એવી શક્યતા છે.

# સુરતની મૈત્રી પટેલ ભારતની સૌથી નાની પાયલોટ બની

**સુરત**

ઓલપાડના શેરડી ગામની મૂળ વતની અને ખેડૂત પરિવારની 19 વર્ષીય મૈત્રી પટેલ ભારતની સૌથી નાની વયની પાયલોટ બની પરિવારની સાથે સુરતનું નામ રોશન કર્યુ છે. ધોરણ-12 સુધીનો અભ્યાસ શહેરની સેવન-ડે સ્કૂલમાં કર્યા બાદ પાયલોટની ટ્રેનિંગ માટે અમેરિકા ગઇ હતી. અમેરિકામાં નિયત સમય કરતાં ટૂંકાગાળામાં ટ્રેનિંગ પૂરી કરી કમર્શિયલ વિમાન ચલાવવાનું લાઈસન્સ મેળવી તેણીએ નવી સિદ્ધિ હાંસલ કરી છે.

ઓલપાડ તાલુકાના શેરડી ગામની 19 વર્ષીય મૈત્રી કાંતિલાલ પટેલે સાચા અર્થમાં ચરિતાર્થ કરી બતાવી છે. પિતા ખેડૂત અને માતા સુરત મહાનગરપાલિકામાં નોકરી છે. ખેડૂત પરિવારની દીકરીએ નાનપણથી જ પાયલોટ કરવાની ઈચ્છા હતી. સુરતના અઠવાલાઈન્સ વિસ્તારની સેવન-ડે શાળામાં અભ્યાસ કરવા સાથે તેણી મુંબઈ જઈને પાયલોટની ટ્રેનિંગ અને અભ્યાસ કરતી હતી.

# મહિલા તબીબે ઈન્જેક્શન આપીને માતા-બહેનને મોતને ઘાટ ઉતાર્યા

## રક્ષાબંધનના દિવસે ભાઇએ એક બહેન અને માતા ગુમાવી

**સુરત**

સુરતમાં રક્ષાબંધનના શુભ દિવસે કતારગામમાં મહિલા ડૉકટરે તેની માતા અને શિક્ષકા બહેનને ઈન્જેક્શન આપી તેણે જાતે વધુ પડતી ગોળી ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં માતા અને શિક્ષકા બહેનનું મોત થયું હતુ.જયારે ડૉક્ટરની સારવાર ચાલી રહી છે. મહિલા ડૉક્ટર ડિપ્રેશનમાં રહેતી હતી. જોકે તેની માતા અને બહેન સાથે લાગણી હતી. તેથી બંનેને ઈન્જેકશન આપીને તેણે આ પગલું ભરતા ચકચાર મચી છે.

મૂળ ભાવનગરના મહુવાના વતની અને હાલમાં કતારગામમાં ચીકુવાડી ખાતે સહજાનંદ સોસાયટીમાં રહેતા ૬૧ વર્ષના મંજુબેન કાન્તીભાઈ સોડાંગરને સંતાનમાં પુત્ર ગૌરવ તથા ૩૦ વર્ષની પુત્રી ફાલ્ગુની શિક્ષિકા અને ૩૧ વર્ષની દર્શના હોમીયોપેથીક ડૉક્ટર છે. તેમના પતિ છેલ્લા ઘણા સમયથી મંજુબેનથી અગલ રહીને ધંધો કરે છે. રવિવારે રક્ષાબંધન હોવાથી મુંબઇ કામ પૂર્ણ કરીને પુત્ર ગૌરવ સવારે ઘરે આવ્યો હતો. તે સમયે ઘરનો આગળનો દરવાજો બંધ હતો. તેણે ઘણા સમય સુધી ખખડાવ્યો પણ અંદરથી કોઈ જવાબ મળતો ન હતો. આખરે પાછળના દરવાજાથી તે ઘરમાં ગયો હતો. ત્યારે માતા મંજુબેન સાથે બહેન ફાલ્ગુની અને દર્શનાને બેભાન હાલતમાં જોઈને હેબતાઇ ગયો હતો. અને તરત જ ત્રણેયને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. જયાં ફરજ પરના ડૉક્ટરે મંજુબેન અને ફાલ્ગુનીને મૃત જાહેર કર્યા હતા. જયારે દર્શનાને સારવાર માટે દાખલ કરી છે.

પોલેસ જણાવ્યા મુજબ, દર્શના પાસેથી મળેલી ચિઠ્ઠીમાં લખ્યું છે કે ''હું જીંદગીથી કટાંળી ગઈ છું, જેના કારણે આ પગલું ભર્યુ છે, માતા અને બહેન સાથે મારી ખુબ જ લાગણી છે. તેઓ મારા વગર રહી શકશે નહીં, જેથી માતા અને બહેન ફાલ્ગુનીને ઈન્જેકશન આપ્યુ હતુ અને મેં વધુ પડતી ગોળી પીને આ પગલું ભર્યું છે.


લગ્નવિષયક

કેનેડા PR ચરોતર લેઉઆ પટેલ ઉ.વ ૨૮, ઉંચાઈ ૫'.૧૦''
અભ્યાસ BE (Indian) & P. G. in IT (Canada)
હાલ એજન્સી મારફતે ટી.ડી., બેંકમાં સોફ્ટવેર ડેવલોપરની
જોબ ટોરન્ટોમાં or working as Software
Developers in Canada માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી
સ્ટુડન્ટ વિઝા / Work Permit / PR / Canada &
US Citizen. ફક્ત કુંવારી, વેજીટેરિયન, સંસ્કારી યુવતીના
વાલીઓ તરફથી જન્માક્ષર સહીત બાયોડેટા,
ફોટોગ્રાફ સાથે આવકાર્ય છે.
Email : patelmarriage365@gmail.com

MOTEL HELP WANTED

Motel help wanted for a motel located in Ontario around 1.5-2.0 hr drive from GTA. Accommodation will be provided. This position is suitable for either single person or Couple.

The job duties include Desk, Cleaning of rooms, Laundry, basic repair-maintenance related to work.

Management will support LMIA if required after 1 year working with company.

Interested person please send resume at
motelhelp@yahoo.com OR
Contact at 705-706-8183

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# નડિયાદમાં બાળતસ્કરી કૌભાંડનો પર્દાફાશ, મહિલાઓની ટોળકી પોલીસના પાંજરામાં

**નડિયાદ**

નડિયાદમાં બાળક વેચાણ પ્રકરણમાં પોલીસ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી રહી છે. પોલીસ તપાસમાં મહિલા ટોળકીએ સરોગસી મારફતે વધુ એક બાળક વેચ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આવા અનેક બાળકોના વેચાણની અનુમાન થઈ રહ્યું છે.

આ બાળક કોને વેચ્યું, આવા કેટલા બાળકો વેચ્યા તે મામલાની પોલીસે તપાસ હાથ ધરી છે. નડિયાદની ત્રણ શાતિર દિમાગની મહિલાઓ દ્વારા નવજાત બાળકોના વેચાણ પ્રકરણમાં પોલીસે માયા દાબલા, મોનિકા શાહ, પુષ્પા પટેલીયાની કડક પુછતાછ કરતા ત્રણેય મહિલાઓએ વધુ એક બાળક વેચાણ કર્યું હોવાની કબુલાત કરી છે. આ ત્રણેય મહિલાઓએ આ કેસમાં સાક્ષી બનેલ નુરબાનુ કે જેને બાળક વેચનાર રાધિકાની કેરટેકર તરીકે પાંચ હજારના પગારથી નોકરી પર રાખવામાં આવી હતી.

તે નુરબાનુની અમદાવાદ રહેતી દિકરી પાસે સરોગસી મારફતે એક બાળકનો જન્મ કરાવાયો હતો અને આ બાળકનું ત્રણેય મહિલાઓએ અન્યત્ર વેચાણ કર્યું હોવાનું તપાસમાં ખુલ્યું હોવાનું પી.આઈ. એન.જી. ગોસાઈએ જણાવ્યું હતું. આ ત્રણેય મહિલાઓએ બાળકને કોને વેચ્યું તે હાલ પોલીસ તપાસમાં ખુલવા પામ્યું નથી. જો કે આવા અનેક બાળકોનું મહિલાઓએ વેચાણ કર્યું હોવાની શક્યતા સેવાઈ રહી છે.

પોલીસની તપાસમાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવવાની પણ શકયતા સેવાઈ રહી છે. રેન્જ આઈ.જી.ની પોલીસ સાથેની મુલાકાત બાદ પોલીસ આ મામલે વધુ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી રહી છે.

# રાધનપુરમાં માર્કેટયાર્ડની ચૂંટણીમાં ઉમેદવારોના લીસ્ટથી વિવાદ સર્જાયો

**રાધનપુર**

રાધનપુર માર્કેટ યાર્ડમાં ચૂંટણી લડતા ૪૦ ઉમેદવારો પૈકી રાધનપુર તાલુકા ભાજપના લગધીરભાઈ ચૌધરી દ્વારા પોતાના લેટરપેડ પર બાબુભાઈ ચૌધરીના સમર્થમાં ખેડૂત પેનલના ૧૦ અને વેપારી પેનલના ૪ ઉમેદવારોના નામો જાહેર કર્યા હતા. તાલુકા પ્રમુખ દ્વારા જાહેર કરાયેલા ૧૪ નામો પૈકી ખેડૂત વિભાગના બે ઉમેદવારોએ વર્તમાન ચેરમેન અમથાભાઈને ખુલ્લુ સમર્થન આપતા રાધનપુર તાલુકા ભાજપમાં મોટો વિવાદ સર્જાયો હતો. તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા જાહેર કરવામાં આવેલા નામો પૈકી તાલુકા ભાજપ મહામંત્રી ભવાભાઈ ઠાકોર દ્વારા માર્કેટ યાર્ડના વર્તમાન ચેરમેન અમથાભાઈ ચૌધરી દ્વારા બનાવવામાં આવેલ વિકાસ પેનલ ભારતીય જનતા પાર્ટીની હોવાનું તેમજ પોતે અમથાભાઈ ચૌધરી સાથે હોવાની જાહેરાત કરી હતી. જ્યારે આ સમયે તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા જાહેર કરેલ બીજા ઉમેદવાર ઠાકોર અજમલજી પણ અમથાભાઈના સમર્થનમાં હોવાનું જોવા મળ્યું હતું. જિલ્લા પંચાયતમાં ભાજપમાંથી ચૂંટાયેલા હોવા છતાં લિસ્ટમાં તેમનું નામ ન હોવાને કારણે તાલુકામાં અમથાભાઈના સમર્થકોએ નારાજગી વ્યક્ત કરી હતી.

# પેટલાદ ખેતીવાડી બજાર સમિતિની 16 બેઠકો માટે 19 ઉમેદવાર મેદાને

**વલ્લભવિદ્યાનગર**

પેટલાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીની ૬ સપ્ટેમ્બરના રોજ યોજાનાર ૧૬ બેઠકો માટેની ચુંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. મંગળવારે ઉમેદવારીપત્ર ભરવાના પ્રથમ અને અંતિમ દિવસે ૧૯ ઉમેદવારોએ ચુંટણીજંગમા ઝુકાવ્યુ છે.જેમા ખેડૂત વિભાગમાંથી ૧૦ બેઠકો માટે ૧૨ ફોર્મ ભરાયા છે. વેપારી વિભાગની ૪ બેઠકો માટે પાંચ ઉમેદવારો જંગમા છે. જયારે તાલુકા ખરીદ વેચાણ સંઘની ૨ બેઠકો માટે બે જ ઉમેદવારોએ નામાંકનપત્ર રજુ કર્યુ હોઈ સંઘની બેઠકો બિનહરીફ થવાની શક્યતાઓ રહેલી છે. વર્તમાન સત્તાજુથના ચેરમેન તેજસ પટેલની પેનલે જંગમા ઝુકાવ્યુ છે.

# મોઢેરા બનશે ભારત દેશનું પ્રથમ સોલાર વિલેજ, 1610 ઘરો સુર્ય ઉર્જાથી ઝળહળશે

**મહેસાણા**

મહેસાણા જિલ્લાનું મોઢેરા ગામ ભારતનું પ્રથમ સોલાર વિલેજ બનવા જઈ રહ્યું છે. વીજ વપરાશના વ્યાપને પહોંચી વળવા અને પર્યાવરણનું સંતુલન જાળવવા માટે સોલાર લાઈટનો ઉપયોગ બહુ જરૂરી બની ગયો છે. મોઢેરા ગામ અને સૂર્યમંદિર આગામી દિવસોમાં સોલાર લાઈટથી જળહળી ઉઠશે. સૂર્ય ઉપાસના માટે રાજા ભીમદેવે પહેલાએ અગિયારમી સદીમાં સૂર્ય મંદિર બંધાવ્યું હતું. આવો ઐતિહાસિક વારસો ધરાવતા મોઢેરા ગામને સૂર્ય ઉર્જાથી પ્રજ્વલ્લિત કરવાનો સુજાણપુરા ગામની ૧૨ એકર જમીનમાં ૬૯ કરોડના ખર્ચે



તૈયાર થવા પામ્યો છે. આ પ્રોજેક્ટમાં સોલાર ફોટો વોલ્ટેઈક પેનલ લગાવવામાં આવી છે. જેમાં ત્રણ-ત્રણ મેગાવોટના બે સૌર ઉર્જા પ્લાન્ટ ઉભા કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ દ્વારા મોઢેરાના ૧૬૧૦ મકાનોને સૌર ઉર્જા પુરી પાડવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# બનાસકાંઠામાં 4.3ની તીવ્રતાનો ભૂકંપ: બાડમેરમાં કેન્દ્ર બિંદુ

**પાલનપુર**

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છની ધરા વારંવાર ધ્રૂજતી હતી. ત્યારે હવે ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. બનાસકાંઠામાં 4.3ની તીવ્રતાનો ભૂકંપનો અનુભવાયો છે. બનાસકાંઠાના વાવથી 84 કિ.મી દૂર ભૂકંપનો આંચકો આવ્યો હતો, જેની તીવ્રતા 4.3ની છે. બનાસકાંઠામાં આવેલા ભૂકંપનું કેન્દ્ર બિંદુ વાવથી 84 કિલોમીટર દૂર રાજસ્થાનના બાડમેરમાં નોંધાયું છે. ભૂકંપનો સમય એવો હતો કે લોકો ઘરમાં જાગતા હતા, તેથી લોક તરત ઘરની બહાર દોડી આવ્યા હતા. બનાસકાંઠાના અનેક જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારે લોકોએ જીવ બચાવવા ઘરની બહાર દોટ લગાવી હતી.

# એમએસ યુનિવર્સિટીમાં વિદ્યાર્થિનીની છેડતી મામલે બે જૂથ વચ્ચે અથડામણ

## યુનિ. વિજિલન્સ-સિક્યુરિટી ગાર્ડ દોડી આવીને મામલો થાળે પડ્યો હતો

**વડોદરા**

વડોદરાની એમ એસ યુનિવર્સિટીમાં સાયન્સ ફેકલ્ટીમાં બે વિદ્યાર્થી જૂથ વચ્ચે વિદ્યાર્થીની મશ્કરી બાબત ઉગ્રબોલાચાલી બાદ બબાલ થતા વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી ગઈ હતી જયારે આ બહારના વિધાથીઓને સજા થાય તેવી માંગ વિદ્યાર્થી સંગઠનોએ કરી હતી. વિદ્યાર્થીનીને તેના મોબાઈલ ફોન પર બે બહારના યુવકોએ બીભત્સ મેસેજ મોકલી વિદ્યાર્થીનીની મસ્કરી કરતા મોબાઈલ પર એકાએક આવેલ મેસેજથી વિદ્યાર્થીની ડઘાઈ ગઈ હતી અને આ મામલે તેના સહપાથી ચિરાગ પ્રજાપતિને જાણ કરતા આ મામલે ચિરાગે આ બન્ને બહારના તત્વોને ટોકયા હતા, આથી તેની અદાવત રાખીને આ બહારના તત્વો સાથે અન્ય બહારના વધુ બે તત્વો સાથે ધસી આવીને ચિરાગ પર હુમલો કર્યો હતો. જેથી



તેને ઈજા પહોંચી હતી. આ અંગેની જાણ વિદ્યાર્થી સંગઠન AGSU અને AGSG થતા તેઓ દોડી આવ્યા હતા જ્યાં હુમલો કરનારા બહારના તત્વોને અટકાવી પૂછપરછ કરતા આ તત્વોએ એડમિશન લેવાના બહાને અને AGSUના નેતા પંકજ અગ્રવાલને મળવા આવ્યા હોવાનું જણાવીને છટકબારી શોધી હતી આથી આ મામલે આ બહારના તત્વોને લઈને આ બન્ને વિદ્યાર્થી સંગઠન વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ સ્થિતિ વણસી હતી.

# દૂધસાગર ડેરી કર્મચારી મંડળના ચેરમેન તરીકે ફાલ્ગુન પટેલની સર્વાનુમતે વરણી

મહેસાણા : મહેસાણા દૂધસાગર ડેરી શાખ અને પુરવઠા સહકારી મંડળીની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં 15 બેઠકો બિનહરીફ થઈ હતી. ત્યારબાદ સોમવારે ચેરમેનની યોજાયેલી ચૂંટણીમાં ફાલ્ગુન ચૌધરી સર્વાનુમતે બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. દૂધસાગર કર્મચારી શાખ અને પુરવઠા સહકારી મંડળી લી.ની તાજેતરમાં ચૂંટણી પ્રક્રિયા યોજવામાં આવી હતી જેમાં ડેરીના ચેરમેન અશોક ચૌધરીના ઈશારે નિયામક મંડળની 17 બેઠકોમાં ફેકટરી વિભાગની 8, સેન્ટરોમાંથી 4, ઓફિસ વિભાગમાંથી 3 અને માનેસર અને ધારુહેડા પ્લાન્ટની 2 સીટ પૈકી 15 બેઠકો પર અંદરો-અંદર પરામર્શ કરી એક બીજા ઉમેદવારોની સંમતિ લઈ ફોર્મ પરત ખેંચાયા બાદ તમામ બેઠક બિનહરીફ બની હતી. ફાલ્ગુન ચૌધરી માટે મંડળના નવનિયુક્ત તમામ સભ્યોએ સંમતિ દર્શાવાતા સત્તાવાર રીતે આગામી પાંચ વર્ષ માટે ફાલ્ગુન ચૌધરીને દૂધ સાગર ડેરી કર્મચારી મંડળ એટલે કે સહયોગના ચેરમેન પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market. Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY CLOSED : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga: 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



## મહેશ માંજરેકરને યૂરિનરી બ્લેડર કેન્સર થયું

મુંબઇ : કેન્સરની બીમારીએ બોલીવૂડના વધુ એક અભિનેતાને સપાટામાં લીધો છે. ગયા વરસે કોરોના મહામારી દરમિયાન સંજય દત્તને કેન્સર થયું હોવાના સમાચાર હતા. હવે મહેશ માંજરેકરને કેન્સરનું નિદાન થયું છે અને તેમની સર્જરી કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટના અનુસાર મહેશ માંજરેકરને યૂરિનરીબ્લેડર કેન્સર હોવાનું નિદાન થયું છે. થોડા  દિવસો પહેલા જ તેમને કેન્સર થયાની જાણ થઇ હતી. આ પછી ડોક્ટરોએ તેમને સર્જરી કરાવાની સલાહ આપી હતી.


# સ્વદેશ






# ભણસાલીની વેબસિરીઝ 'હીરામંડી'માં રેખાની જગ્યાએ ઐશ્વર્યાની એન્ટ્રી

હીરામંડીમાં કામ કરવા માટે બોલીવૂડની અનેક ટોચની અભિનેત્રીઓનાં નામ સામે આવ્યાં હતાં. પહેલાં કહેવાયું હતું કે આ વેબસિરીઝમાં રેખા હશે. પણ હવે તેમાં ફેરફાર થાય તેવી શક્યતા સેવાઈ રહી છે. સૂત્રોના મતે ઐશ્વર્યાએ ભણસાળી સાથે ફરી એકવાર કામ કરવાની ઈચ્છા જાહેર કરી છે. એવામાં સંજય તેને લઈને હીરામંડી બનાવે તેવી પુરી શક્યતા છે. બંને અગાઉ હમ દિલ દે ચૂકે સનમ, દેવદાસ અને ગુઝારિશમાં પણ સાથે કામ કરી ચૂક્યાં છે. સંજય લીલા ભણસાલી પહેલા રેખાને લેવાનું મન બનાવી ચૂક્યાં હતાં. પણ વચ્ચે તેમનાં અનપ્રોફેશનલ વલણની જાણકારી મળતા તેમણે રેખાને લેવાનો વિચાર પડતો મૂક્યો હતો. બન્યું હતું એવું કે ફિલ્મ ફિતૂરના ડાયરેક્ટર અભિષેક કપૂર સાથે રેખાએ યોગ્ય વર્તન નહોતું કર્યું જેના કારણે રાતોરાત તેમને બદલીને તબ્બૂને લેવામાં આવી હતી. એ પછી સંજયે પણ રેખા સાથે કામ કરવાનું માંડી વાળ્યું છે. હવે જો બધું સમુંસૂતરું પાર પડશે તો હીરામંડીમાં રેખાની જગ્યાએ ઐશ્વર્યા રાય બચ્ચન જોવા મળશે. ટૂંક સમયમાં ઓફિશ્યિલ અનાઉન્સમેન્ટ થશે.

# સગાઈની વાતને લઇ કેટરીના અને વિક્કી કૌશલ જાહેરમાં બાખડી પડ્યા

થોડા સમય પહેલા જ વિક્કી-કેટરિનાએ ચુપચાપ સગાઇ કરી લીધા હોવાના સમાચાર સામે આવ્યા હતા. એક વાયરલ તસવીર સાથે એવું કહેવામાં આવ્યું કે વિક્કી-કેટરિનાએ સગાઇ કરી લીધી છે. જોકે, બાદમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ એક ખોટા સમાચાર છે અને બંને વચ્ચે હાલ તો સગાઈ થઈ નથી હવે અન્ય એક સમાચાર પણ સામે આવી રહ્યા છે કે વિકી કૌશલ અને કેટરીના કૈફ વચ્ચે જબરદસ્ત ચર્ચા ચાલી રહી છે. કેટરીના સલમાન સાથે ફિલ્મ 'ટાઈગર



3'ના શૂટિંગમાં વ્યસ્ત છે. દરમિયાન, સમાચાર આવ્યા કે કેટરિના અને વિક્કી વચ્ચે શૂટિંગ પર જતા પહેલા વિવાદ થયો હતો. બંને ગુસ્સે થયા હતા અને તકરાર થઈ હતી બંને એ વાતની ચર્ચા કરતા કે સગાઈની અફવા કોણે ફેલાવી અને મામલો બગડ્યો હતો. વિક્કી કૌશલના પિતાએ આ અહેવાલોને બકવાસ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આવું કંઈ નથી. વિક્કી અને કેટરીના બંનેના હાથમાં આ દિવસોમાં ઘણી મોટી ફિલ્મો છે. આવી સ્થિતિમાં તે પોતાના કામમાં વ્યસ્ત છે અને સાથે જ તે નથી ઈચ્છતા કે કોઈ ખોટા સમાચાર તેના કામ પર અસર કરે.

## અમિતાભ બચ્ચનનો અવાજ હવે એમેઝોનના ઇકો ડિવાઇસ પર સાંભળવા મળશે



મુંબઇ : અમિત જી શોલે કે ગાને બજાઇયે, અમિત જી, પ્લે સોન્ગસ ફ્રોમ કભી કહી, અમિત જી ટેલ અ ફની સ્ટોરી, અમિતજી વોટસ ઇઝ ધ વેધર ટુડે જેવા એમેઝોન ઇકો ડિવાઇસ પર આવી વાતો અને પ્રશ્નોના ઉત્તર આપતા સાંભળવા મળશે. કંપનીએ એલેક્સા પર ભારતના પહેલા સેલિબ્રિટી વોયસ ફીચર ઉપલબ્ધની ઘોષણા કરી હતી.  ભારતના યુઝર્સને આ પ્રથમ વખત અમિતાભ બચ્ચનો અવાજ સાંડળા મળવાનો છે. અત્યાર સુધી આવી સુવિધા ઉપલબ્ધ નહોતી. સેલિબ્રિટી વોયસ ફીચર દ્વારા અમિતાભ બચ્ચન દ્વારા પસંદ કરવામાં આવેલી ઓરિજિનલ કન્ટેન્ટનો પણ આનંદ લઇ શકાય છે. જેમાં તેમના જીવનની વાર્તાઓ, પિતાની કવિતા, ટંગટ્વિસ્ટર્સ, પ્રેરક વિચાર અને ઘણું બધું સામેલ છે.













હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## કોરોનાના કેર બાદ હવે આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલા કરોડો ભારતીયો

# ભારતને માથે અધધધ...૧૬૭.૮૦ લાખ કરોડનું દેવું

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

દુનિયામાં અનેક વ્યક્તિ પોતાની આવશ્યકતા પ્રમાણે લોન લેતી હોય છે, એમ દેશ પણ અન્ય દેશ કે વર્લ્ડ બેંક પાસે લોન લેતો હોય છે. લોન લીધા બાદ ઘણા કેટલાક કિસ્સામાં દેણદારની સ્થિતિ કફોડી બને તો વ્યક્તિ કે દેશ તેણે લીધેલું ધિરાણ ભરપાઈ કરવામાં અનિયમિત થઈ જાય છે. આવા સંજોગોમાં અનેક દેશ કે વ્યક્તિએ ફરીથી લોન લેવી પડે છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડના આંકડા પ્રમાણે હાલ ભારત પર ૨.૨૭ ટ્રિલિયન ડોલરનું દેવું છે. તેને રૂપિયામાં રૂપાંતરિત કરીએ તો કંઈક આવો આંકડો અધધધ....૧૬,૭૮,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ થઈ જાય છે. શબ્દોમાં આ રૂપિયા ૧૬૭.૮૦ લાખ કરોડનું આ દેવુ ખૂબ મોટું છે. જે બીએસઈની ટોટલ માર્કેટ કેપિટલ કરતા ૦.૮૦ ટ્રિલિયન ડોલર ઓછુ છે. બીએસઈમાં રોકવામાં આવેલા કુલ પૈસામાંથી ભારત સરકારનું બધું દેવું ચૂકતે કરી દેવામાં આવે તો ૦.૮૦ ટ્રિલયન ડોલર એટલે કે ૮૦,૦૦૦ કરોડ ડોલર જ વધે. આ ઉદાહરણ માત્ર સમજવા માટે જ છે. કારણ કે, બીએસઈનો પૈસો ખાનગી છે. સરકારે તેનું દેણું તેની પોતાની આવકમાંથી ભરવાનું હોય છે. ભારતની કુલ વસ્તી અત્યારે ૧૩૭ કરોડને આંબી ગઈ છે. એ પ્રમાણે વિભાજન કરીએ તો પ્રત્યેક ભારતીય પર રૂા.૧,૨૨,૮૦૪નું દેવું છે.

૨૦૨૦માં માર્ચ મહિનાની આસપાસ ભારતમાં કોવિડે કેર વર્તાવવાનું શરુ કર્યુ તે પહેલા ભારતનો ડેબ્ટ ટુ જીડીપી રેશિયો ૭૪ ટકા હતો. ડેબ્ટ ટુ જીડીપી રેશિયો એટલે વાર્ષિક જીડીપીની તુલનાએ દેવું. જયારે આજે તે ૧૦ ટકા વધીને ૮૪ ટકા થઈ ગયો છે. ભારતમાં હાલ ગ્રાહક ફુગાવો ૬.૪૦ ટકા છે. હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ ૧૨.૯૪ ટકા છે. બેરોજગારી દર ડબલ ડિજિટમાં છે. મોદી સરકારને ભારતનો વિકાસ દર ડબલ ડિજિટમાં જોઈતો હતો, તે માઈનસમાં જતો રહ્યો અને બેરોજગારી દર ડબલ ડિજિટમાં જતો રહ્યો છે. આ કડવી વાસ્તવિકતા છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈંડિયન ઈકોનોમીના અહેવાલો પ્રમાણે ૧૭ જૂન ૨૦૨૧ના રોજ ભારતમાં બેરોજગારી દર ૧૧.૨૨ ટકા છે. શહેરી બેરોજગારી ૧૩.૮૯ ટકા છે અને ગ્રામ્ય ૧૦ ટકા છે. જ્યાં જુઓ ત્યાં પોલિટિક્સની જ વાત ચાલે છે. કોરોના પછી ભારતીયો સૌથી વધુ જો કોઈ સમસ્યાથી ઝઝૂમી રહ્યા હોય તો તે આર્થિક સમસ્યા છે. ભારતના બગડતા આર્થિક ચિત્ર વિશે મીડિયા કે સરકારને વાત કરવી હવે ગમતી નથી. કારણ કે તેમાં ડરામણું ચિત્ર સામે આવે અને ચિંતા સરકારે કરવી નથી. જાપાનનું



ટોટલ દેવું અત્યારે ૧૦.૯૪ ટ્રિલિયન ડોલર છે. ડેબ્ટ ટુ જીડીપી રેશિયો ૨૧૭ ટકા છે. ત્યાં ફુગાવો માઈનસ ૦.૫ ટકા છે. આ સ્થિતિ પણ સારી નથી. તંદુરસ્ત અર્થતંત્ર માટે ફુગાવો બે ટકા હોવો જરૂરી છે. ત્યાં બેરોજગારી ૨.૮ ટકા છે. જાપાન વિકાસ પછીની સમસ્યાઓ ભોગવે છે. તે પૂરેપૂરું વિકસી ગયું છે. હવે ત્યાં વિકાસ સંભવ નથી. અમેરિકાનું કુલ દેવું ૨૮.૧૬ ટ્રિલિયન ડોલર છે. તેનો ડેબ્ટ ટુ જીડીપી રેશિયો ૧૩૪.૫૦ ટકા છે. ફુગાવો ૪.૨૦ ટકા છે અને બેરોજગારી દર ૬.૧ ટકા છે. આ એપ્રિલનો ડેટા છે. મેમાં તે સૂધરીને ૫.૮ ટકા થયો હતો.

એ જ રીતે બ્રાઝિલનું દેવુ ૧.૪૨ ટ્રિલિયન ડોલર છે. ડેબ્ટ ટુ જીડીપી રેશિયો ૯૯ ટકા છે. મોંઘવારી ૬.૮૦ ટકા છે. અહીંનો બેરોજગારી દર ૧૪.૭ ટકા છે. જૈર બોલ્સોનારોના કુશાસનનો લોકો સડક પર ઊતરીને વિરોધ કરી રહ્યા છે.

એશિયામાં આજે બાંગ્લાદેશ શક્તિશાળી ઈકોનોમી તરીકે ઊભરી રહ્યું છે. માર્ચ ૧૯૭૧માં જ્યારે બાંગ્લાદેશ પાકિસ્તાનથી અલગ થયો ત્યારે પાકિસ્તાન તેના કરતા ૭૦ ગણું વધારે સદ્ધર હતું. મતલબ પાકિસ્તાનના શાસકોએ પૂર્વ પાકિસ્તાન (૧૯૭૧ પહેલાના બાંગ્લાદેશ)ના વિકાસમાં ધ્યાન જ નહોતું આપ્યું. તેની સાથે સ્પષ્ટ ભેદભાવ કર્યો હતો. આજે પણ તે જો પાકિસ્તાનનો જ ભાગ હોત તો તેની હાલ અતિશય દયનીય હોત. જો કે, તેનું ભાગ્ય જોર કરતું હશે તે આજે તે પાકિસ્તાન કરતા ૪૫ ગણું વધારે સદ્ધર છે. પાકિસ્તાનના એક ખેલદિલ અર્થશાસ્ત્રીએ તો એવો વ્યંગ પણ કર્યો કે, ૨૦૩૦માં પાકિસ્તાન બાંગ્લાદેશની સહાય પર જીવતું હશે. 2020માં બાંગ્લાદેશનો આર્થિક વિકાસ દર ૯ ટકા રહ્યો હતો. તેનું ઈકોનોમિક મોડેલ નિકાસ, સામાજિક પ્રગતિ અને રાજકોષીય ચોકસાઈ આ ત્રણ પિલ્લર પર ઊભું છે. ૨૦૧૧થી ૨૦૧૯ દરમિયાન દર વર્ષે તેની નિકાસમાં ૮.૬ ટકાનો વધારો થયો છે. નિકાસમાં તેનું મુખ્ય ફોકસ વસ્ત્રો છે. જેમાં તે ટક્કર આપી શકે છે. તેનો ડેબ્ટ ટુ જીડીપી રેશિયો ૩૦થી ૪૦ ટકા વચ્ચે રમતો રહે છે. ચીનનો ૪૭ ટકા છે અને ભારતનો ૮૪ ટકા છે. પાકિસ્તાનની માથા દીઠ વાર્ષિક આવક ૧,૫૪૩ ડોલર છે. જયારે ભારતની માથા દીઠ વાર્ષિક આવક ૧૯૪૭ ડોલર છે. બાંગ્લાદેશની માથા દીઠ વાર્ષિક આવક ૨૨૨૭ ડોલર છે. રૂપિયામાં તેની ગણતરી કરવામાં આવે તો તે ૧,૬૨,૫૭૧ થાય છે. બાંગ્લાદેશે જે આર્થિક ચમત્કાર કર્યો છે તેની ચર્ચા પણ નથી થતી. જો કોઈ ચર્ચા છેડી દે તો તેને એમ કહેવામાં આવે છે કે, ગો ટુ બાંગ્લાદેશ. જે સમાજો પોતાની ભૂલ નથી સ્વીકારી શકતા, પોતાનામાં શું ખૂટે છે, ક્યાં સુધારની જરૂર છે તેની મોકળા મને ચર્ચા નથી કરી શકતા અને મિથ્યાભિમાન તથા ઘમંડમાં જીવે છે તે સમાજો જ કાળ ક્રમે અંધકારમાં ધકેલાઈ જતા હોય છે. બ્રાઝિલે એક સમયે હોપ ઊભી કરી હતી, બાદમાં તેની ઈકોનોમી બેસી ગઈ. ભારતીય અર્થતંત્ર પર પણ બહુ આશા છે, જો કે, તે હાંફવા લાગ્યું છે. તેને ફરીથી ચીત્તાની જેમ દોડતું કરવા અર્થશાસ્ત્રીઓ સૂચવે તેવા આકરા નિર્ણયો લેવાની આવશ્યકતા છે.

**2020માં માર્ચ મહિનાની આસપાસ ભારતમાં કોવિડે કેર વર્તાવવાનું શરુ કર્યુ તે પહેલા ભારતનો ડેબ્ટ ટુ જીડીપી રેશિયો 74 ટકા હતો. જે આજે તે 10 ટકા વધીને 84 ટકા થઈ ગયો**

દેશનો મુખ્ય ડિસ્કોર્સ ઈકોનોમિક ડેવલોપમેન્ટ હોવો જોઈએ. બીજો કોઈ જ મુદ્દો નહીં. જો કે, કમનસીબે દેશની સરકાર કે વિપક્ષોને આજે આ મુદ્દા સાથે કશી લેવા દેવા નથી રહી, તેવું વર્તન થઈ રહ્યું છે.વિશ્વના કેટલાક મહત્ત્વપૂર્ણ દેશોની સ્થિતિ શું છે તેના પર પણ ચર્ચા કરવા જેવી છે. યુકેનું દેવુ ૩.૦૨૨ ટ્રિલિયન ડોલર છે. તેનો ડેબ્ટ ટુ જીડીપી રેશિયો ૯૭.૫૦ ટકા છે. ફુગાવો ૧.૫૦ ટકા છે અને બેરોજગારી ૪.૯ ટકા છે. જર્મનીનું દેવું ૨.૬૬ ટ્રિલિયન ડોલર છે. ચીન દુનિયાના કેટલાક એવા દેશોમાં સ્થાન ધરાવે છે જેની જીડીપી કોવિડ કાળમાં પણ વિકસતી રહી છે. પ્લસમાં રહી છે. માથા પર દેવું ઓછું છે એ તેનો બહુ મોટો પ્લસ પોઈન્ટ છે.

ભારતની જીડીપી અત્યારે ૨.૬ ટ્રિલિયન ડોલરની છે. પહેલા ૨.૮૭ ટ્રિલિયન ડોલર હતી. કોવિડને કારણે ભારતીય અર્થતંત્રને થયેલા નુકસાનને આ આંક પ્રતિબિંબિત કરી રહ્યો છે. સરકાર ૨૦૨૪માં ઈંડિયાને ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવા માગે છે. પરંતુ કોવિડ પછી ભારતમાં આર્થિક અસમાનતા વધી છે. પૈસાદાર વધુ પૈસાદાર થયા છે અને ગરીબ વધુ ગરીબ થયા છે. મર્સીડીઝનો સેલ્સનો વાર્ષિક ટાર્ગેટ એક મહિનામાં પૂરો થઈ ગયો છે અને બીજી બાજુ કેન્દ્ર સરકારે ૮૦ કરોડ લોકોને મફત અનાજ ડિસ્ટ્રિબ્યુટ કરવાની ફરજ પડી છે. ૨૦૨૪માં દેશની જીડીપી પાંચ ટ્રિલિયન ડોલર થઈ જાય તો પણ તેમાંથી અમીરોની અને અમીર ન હોય એવા વર્ગની હિસ્સેદારી શોધવી પડશે. ડિસ્ટ્રિબ્યુશન ઑફ ઈન્કમમાં જે અસમાનતા છે તે ઘટશે ? તે તપાસવાનું રહેશે. દેશમાં જ્યાં સુધી વિશાળ મિડલ ક્લાસ નહીં હોય અને જ્યાં સુધી ગરીબોની સંખ્યા વ્યાપક હશે ત્યાં સુધી આર્થિક વિકાસના ફળનો સ્વાદ માણી શકાશે નહીં, આ વાતને સરકારે સમજીને મધ્યમ અને ગરીબ સુધી પૈસા સરળતાથી પહોંચે તેવા માર્ગો શોધવા પડશે. નહીંતર વાતોના વડામાં હકીકત દૂર થતી જશે અને દેવુ, ફુગાવો અને બેરોજગારી દર તેમજ મોંઘવારી જેવી સમસ્યા અર્થતંત્રને નુકસાન કરતી રહેશે તે ચોક્કસ છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

Job Offer & LMIA / Entrepreneur / Investor Business/ Self Employed / Farm Investor

- LMIA/WORK PERMIT
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



AMI MEHTA
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTION CASES SPECIALIST

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE

CANADA: 94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT. PH : 416-745-2466, 905-230-7855

VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817

AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

Email.: info@siis.ca Website.: www.siis.ca

# જનમાષ્ટમી : નંદ ઘેર આનંદ ભયો

શ્રાવણવદ અષ્ટમીના બુધવારની પવિત્ર તિથિએ પ્રેમાવતાર, સર્વાતાર, જ્ઞાનાવતાાર, પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણનું પ્રાગટય થયું. ઈશ્વરનાં અન્ય અવતારો, અંશાવતાર કે કલાવતાર ગણાયા છે. જયારે ભગવાન શ્રીકૃષ્ણ તો પૂર્ણાવતાર છે. આજથી પર૩ વર્ષ પૂર્વે ઉત્તર પ્રદેશની મથુરા નગરીમાં વૃષભ લગ્નમાં, રોહિણી નક્ષત્ર મધ્યે, શ્રાવણવદ અષ્ટમીના બુધવારની પવિત્ર તિથિએ પ્રેમાવતાર, સર્વાતાર, જ્ઞાનાવતાાર, પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણનું પ્રાગટય થયું. ઈશ્વરનાં અન્ય અવતારો, અંશાવતાર કે કલાવતાર ગણાયા છે. જયારે ભગવાન શ્રીકૃષ્ણ તો પૂર્ણાવતાર છે.

શ્રીમદ્ શંકરાચાર્યજીએ 'શ્રી કૃષ્ણાષ્ટકમ'માં જે શ્લોક રચ્યો છે, તેમાં શ્રીકૃષ્ણનાં દિવ્ય સ્વરૂપે તથા તેમની લીલાનું સુંદર આલેખન છે.

**'ભજે વ્રજૈકર્મણ્ડ સમસ્તે પાપ ખંણ્ડને,**
**સ્વભકતે ચિતરંજન સદૈવ નંદનદર્મ !**
**સુપિચ્છ, ગુચ્છ મસ્તક સુનાદ વેણુ હસ્તક,**
**અનંગરાગ સાગર, નમામિ કૃષ્ણ નાગરમ્ !!'**



અર્થાત: વ્રજ ભૂમિનાં એક માત્ર આભૂષણ, સર્વ પાપોના નાશ કરનારા, અને પોતાના ભક્તોના ચિત્તને આનંદ પ્રદાન કરનારા, નંદ, નંદન ભગવાન શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. એમનાં મસ્તક પર મોરપીંછનો મુકુટ શોભે છે. એમનાં હાથમાં સુરીલી મોરલી છે કે જેઓ કામ કલાના મહાસાગર સમાન છે. નિર્ગુણ અને નિરાકાર પરમાત્મા ભક્તોનાં દુ:ખ હરવા માનવીઓનું રક્ષણ કરવા, દુષ્ટોનો નાશ કરનારા, સગુણ અને સાકાર પૂર્ણ એવા ભગવાન શ્રીકૃષ્ણ અવનિ પર અવતાર લીધો.


આ વિષે મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્ય કહે છે,

**'પીકાતઃ સુકલાદેવાઃ ગણિતાનંદક બૃહત !**
**પૂર્ણાનંદે હરિસ્તમાત્ કૃષ્ણ એવ મર્મ !!'**

અર્થાત : પ્રકૃતિ પ્રકારના બધા દેવો ગણિત છે, એટલે કે માપી શકાય એવા મર્યાદિત આનંદ ધારણ કરનારા છે. જયારે ભગવાન શ્રીકૃષ્ણ તો પૂર્ણ આનંદને ધારણ કરે છે, તેથી તેઓ જ મારી ગતિ હજો.

એક સમયે શુકદેવજીએ રાજા પરિક્ષિત રાજાને કહ્યુ, 'ધરતી પર ફરીવાર અહંકારથી મદોન્મત થયેલા દૈત્યોનો આતંક વધ્યો છે ! તો ભગવાન શ્રી વિષ્ણુએ આ વિષે જણાવતાં કહ્યુ, ' હે દેવો ! ભગવાન શ્રી હરિને સૌના આ દુ:ખની જાણ છે. પૃથ્વીને ત્રાસ મુક્ત કરવા, સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી હરિ, વસુદેવજીને ત્યાં જન્મ લેશે. તેમનાં પૂર્વે ભગવાનનો સાથ આપવા માટે સ્વયં પ્રકાશ રુપ અવતાર લેશે.' જન્માષ્મીની મધ્યરાત્રીએ ભગવાન શ્રી કૃષ્ણે વસુદેવ-દેવકી થકી કારાવાસમાં જન્મ લીધેલો, તો ભગવાનની પ્રેરણાથી જ વસુદેવ નવજાત બાળકને ટોપલામાં મૂકીને યમુના નદીમાં માર્ગ કરતાં,ગોકુળમાં યશોદાજીનાં ઘેર મૂકતા ગયા.

શ્રાવણવદ નોમને ગુરુવારે શ્રીનંદાલયમાં નંદ મહોત્સવ ઉજવાયો, 'નંદ ઘરે આનંદ ભયો, જય કનૈયાલાલ કી...' ગાય, તલ, વસ્ત્ર, સુવર્ણ, રજત અને અલંકારોનું દાન થયું. તો પ્રભુ જન્મનાં ખબર થવાથી, મહાદેવજી સમાધિમાં અતિ પ્રસન્નચિત્તે જાગૃત થયા. એમને પણ સમાધિમાં શ્રીનંદ ઉત્સવની ઝાંખી થઈ, એમને સન્મુખ થઈને લાલાનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. ચાલુ વર્ષે જન્માષ્ટમી 30મી ઓગસ્ટે છે. ભારતમાં ઉજવણી માટે તડામાર તૈયારી ચાલી રહી છે.



# ઈન્ટરનેટની નવીનતા

ઈન્ટરનેટની દુનિયા વાસ્તવિક દુનિયા કરતા ખુબજ વિશાળ છે. આ દુનિયામાં ૧ મિનિટમાં ઘણા મોટા ફેરફાર થઈ જાય છે. જેમાં ઈ-મેઈલ થાય શકે, વિડીઓ જોઈ શકાય, એપ ડાઉનલોડ થાય શકે. આ માત્ર ઉદાહરણ છે પરતું ઘણા મોટા કાર્યો માત્ર ૧ મિનિટમાં થઈ શકે છે.


ગૂગલ પર ૧ મિનિટમાં 38 લાખ થી વધુ ક્વેરી સર્ચ થાય છે. છતાં તેનું સર્વર ક્રેશ થતું નથી. જેના કારણે ગૂગલની સામે બીજું કોઈ સર્ચ એન્જીન ટકી શકતું નથી. જયારે ૧ મિનિટમાં કરોડો ઈ-મેઈલની આપ-લે થાય છે. જેમાં જીમેઈલ, આઉટલૂક, યાહૂ તથા પ્રોટોન-મેઈલ મોટો ભાગ ભજવે છે. યુટ્યુબ પર પણ ૧ મિનિટમાં 45 લાખથી વધુ વિડીઓ જોવાય છે. આજના સમયમાં વિડીઓ જોવા માટે યુટ્યુબ ખુબ જ લોકપ્રિય વેબસાઈટ છે. જેમાં ગીત, ભજન, કૂકિંગ, જનરલ નોલેજ, ટેકનીકલ નોલેજ, સાયબર નોલેજ સંબધિત વિડીઓ ઉપલબ્ધ છે જેથી યુટ્યુબ આપને રોજીંદી ક્રિયામાં ઉપયોગી છે.

ફેસબુક પર ૧ મિનિટમાં 10 લાખથી વધુ યુઝર્સ લોગ-ઈન કરે છે અને 2 લાખથી વધુ ફોટોસ તથા 5 લાખથી વધુ પોસ્ટ થાય છે. વોટ્સએપ પર ૧ મિનિટમાં ૪ કરોડથી વધુ મેસેજની આપ-લે થાય છે. જેમાં ફોટોસ, વિડીઓ, ડોક્યુમેન્ટ, કોન્ટેક્ટસ, લીંક તથા લોકેશન નો સમાવેશ થાય છે. ઈન્સ્ટાગ્રામ માં ૧ મિનિટમાં ૪ લાખથી વધુ ફોટોસ અપલોડ થાય છે. ઈન્સ્ટાગ્રામ જે માત્ર ફોટો શેરિંગ પ્લેટફોર્મ છે છતાં તેના પર 1 બિલિયનથી વધુ યુઝર્સ છે. ટ્વીટર પર ૧ મિનિટમાં 90 હજારથી વધુ ટ્વીટ થાય છે. ફેસબુક કરતા ટ્વીટર ઓછું લોકપ્રિય છે પરતું સામાજિક મુદ્દા પરના હેશટેગ માટે ટ્વીટર પ્રમુખ સ્થાને છે.

ગૂગલ પ્લેસ્ટોર તથા એપલ એપ સ્ટોર પર ૧ મિનિટમાં 4 લાખથી વધુ એપ્સ ડાઉનલોડ થાય છે. ઓનલાઈન શોપિંગ વેબસાઈટ પર ૧ મિનિટમાં 10 લાખ ડોલરથી વધુ રકમના ટ્રાન્ઝેક્સન થાય છે. જયારે ઓનલાઈન રૂપિયાની લેવડ-દેવડ માં માત્ર ૧ સેકન્ડમાં 5 હજારથી વધુ ટ્રાન્ઝેક્સન થાય છે.

@beinghumanmj

# શું તમને પણ કાજલ પ્રસરી જવાની સમસ્યા સતાવે છે? કરો આ ઉપાય



કોઈપણ કોસ્મેટિકની દુકાને કાજલ લેવા જઈએ એટલે દુકાનદારને કેટલાંય સવાલો સ્ત્રી પૂછી નાખતી હોય છે, શું આ કાજલ વોટરપ્રૂફ છે? લગાવ્યા પછી પ્રસરશે તો નહીંને? સ્મજ ફ્રી છેને? આવા કેટલાંય સવાલોના જવાબમાં દુકાનદાર અનેક અલગ અલગ બ્રાન્ડનાં કાજલ બતાવે છે.

ગમે એટલું મોંઘું કાજલ લઈએ પણ મોટાભાગે અમુક સમય બાદ પ્રસરતું હોય છે. આંખોમાં નેચરલ લુબ્રિકન્ટ હોવાને કારણે અમુક સમય બાદ કાજલ આંખોની નીચેના ભાગમાં ડાર્ક સર્કલ રૂપે દેખાવાનું શરૂ કરે જ છે. તેવું ન થાય તે માટે કાજલ લગાવતાં પહેલાં આંખોની નીચેના ભાગમાં એક બરફનો ટુકડો રબ કરો, ત્યારબાદ આંખો લૂછીને ત્યાં થોડો કોમ્પેક લગાવ્યા પછી કાજલ લગાવો. યાદ રાખો કે આ ટેક્નિક રેગ્યુલર મેકઅપ ન કરતી હોય પણ માત્ર કાજલ લગાવતી સ્ત્રીઓ માટે છે. કાજલ લગાવ્યા બાદ તેની નીચે આઈલાઈનર કરીને તેને બાંધી દો. આઈલાઈનરથી કાજલ વધારે ડાર્ક લાગશે.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com

✔ Mice
✔ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL

✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ WASPS and
✔ Hive Removal
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI

24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International
CPMA - ACGP
SPMAO
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

# ગુજરાતમાં વરસાદ ખેંચાતા ઊભો પાક નિષ્ફળ

**ગાંધીનગર**

વરસાદ ખેંચાતા ખેડૂતોનો ઊભો પાક નિષ્ફળ ગયો છે, સરકાર તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને નુકસાનીનું ૧૦૦ ટકા વળતર આપે તેવી માગણી બુધવારે વિપક્ષ કોંગ્રેસે મુખ્યમંત્રીને પત્ર લખીને કરી છે. વરસાદની ૮૦ ટકા ઘટવાળા ૨૦ તાલુકા, ૬૦ ટકા ઘટ વાળા ૧૨૯ તાલુકા, ૪૦ ટકા ઘટવાળા ૮૧ તાલુકા અને ૨૦ ટકા ઘટવાળા ૨૧ તાલુકાને તાત્કાલિક સહાય આપવી જોઈએ, ઉપરાંત તૌકતે વાવાઝોડાને કારણે કફોડી હાલતમાં પણ ટકી રહેલા સૌરાષ્ટ્રના ખેડૂતોની સ્થિતિ વરસાદ ખેંચાતા પડતા ઉપર પાટુ જેવી થઈ છે, ૩૫ ટકા અને તેથી ઓછો વરસાદ, અનાવૃષ્ટિની પરિસ્થિતિથી ખેડૂતોની હાલત દયનીય બની છે, પાણીની તંગી હોય તેવા વિસ્તારોમાં નાગરિકો અને પશુઓ માટે પીવાનું પાણી, પશુઓ માટે પૂરતા ઘાસચારાની વ્યવસ્થા કરવાની પણ વિપક્ષે માગ કરી છે. કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ માગણી કરી છે કે, મોટા ભાગના વિસ્તારોમાં પ્રથમ વરસાદ બાદ ૫૦ દિવસ નોંધપાત્ર વરસાદ થયો નથી, જેની રાજ્ય સરકાર ગંભીરતાથી નોંધ લે, વરસાદથી અછતવાળા વિસ્તારોમાં સર્વે કરી અછતગ્રસ્ત કે અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવામાં આવે, મુખ્યમંત્રી કિસાન સહાય યોજના, એસડીઆરએફ યોજના હેઠળ ખેડૂતોને સહાયની જાહેરાત કરે, પાક વીમા યોજનામાં ગુજરાતના ખેડૂતોને દર વર્ષે ૨૫૦૦થી ૩૦૦૦ કરોડની સહાય મળતી હતી પણ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં ગત વર્ષે નજીવી સહાય ચુકવાઈ હતી, આ વર્ષે સહાયની જાહેરાત થઈ શકી નથી.



# અમદાવાદમાં રોગચાળો: ચીકનગુનીયા ડેન્ગ્યુ અને કમળાના દર્દીઓનો રાફડો

**અમદાવાદ**

અમદાવાદમાં છેલ્લા એક મહિનાથી વરસાદ ખેંચાવાની સાથે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાની પરિસ્થિતિ ગંભીર બનતી જઈ રહી છે. વાઈરલ ફીવર, ડેન્ગ્યુ,ચીકનગુનીયા ઉપરાંત પાણીજન્ય એવા ટાઈફોઈડ અને કમળા તથા ઝાડા ઉલ્ટી જેવા રોગે શહેરને ભરડામાં લીધુ છે. મ્યુનિસિપલ હોસ્પિટલો જ વિવિધ રોગના દર્દીઓથી ઉભરાતા હોસ્પિટલોમાં પથારીઓ અને દવાઓનો સ્ટોક વધારવા તંત્રને તાકીદ કરવામાં આવી છે.

મધ્ય,પૂર્વ અને દક્ષિણ ઝોન સહીતના અન્ય તમામ ઝોનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોએ રીતસરની માઝા મુકી હોય એવી સ્થિતિ સર્જાઈ છે.બેવડી ઋતુની વચ્ચે ઘેર-ઘેર વાઈરલ ફીવર ઉપરાંત મેલેરીયા,ડેન્ગ્યુ ઉપરાંત ચીકનગુનીયાના દર્દીઓ જોવા મળી રહ્યા છે.શહેરમાં વકરી રહેલી રોગચાળાની સ્થિતિ છતાં મ્યુનિસિપલ હેલ્થ વિભાગ તરફથી રોગચાળાની સાચી આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવતી ના હોવાથી બુધવારે મળેલી હેલ્થ કમિટીની બેઠકમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. એલ.જી. તથા શારદાબહેન હોસ્પિટલમાં રોજના ૨૫૦૦થી ૩ હજાર દર્દીઓ ઓ.પી. ડી.માં સારવાર લેવા આવી રહ્યા છે.

# સાસંદ મેનકા ગાંધીની બદનક્ષી કરતો વીડિયો પોસ્ટ કરનારો ઝડપાયો

**અમદાવાદ**

પીપલ ફોર એનિમલ વેલ્ફેર ટ્રસ્ટના ચેરપર્સન અને સાંસદ મેનકા ગાંધી વિરૂદ્ધ સોશિયલ મિડીયામાં બદનક્ષી કરતો વિડીયો વાયરલ કરનારા અમરાઈવાડીના શખ્સની સાયબર ક્રાઈમે અટક કરી છે. મેનકા ગાંધી વિશે વિવાદાસ્પદ સંદેશો વહેતો થયા બાદ પોલીસે પલાસ પટેલ નામની આઈ.ડી. નું ટેકનિકલ એનાલિસિસ કરીને આઈ.ડી.ના ધારક અમરાઈવાડીમાં શીવપાર્ક સોસાયટીમાં રહેતા પલાસ દિનેશભાઈ પટેલની અટક કરી હતી. પોલીસે તેનો મોબાઈલ કબજે કરીને વધુ તપાસ હાથ રી છે.

# ગુજરાતમાં ઉદ્યોગકારોને બ્લેકમેઈલ કરાશે તો ખંડણીનો ગુનો દાખલ થશે

**અમદાવાદ**

અમદાવાદમાં કાપડના વ્યવસાયકારો સાથે થતા છેતરપિડીના કિસ્સાઓને અટકાવવા રાજ્ય સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશનની રચના કરી છે. નિર્દોષ વેપારીઓના નાણાં પરત મળે તે માટે એસઆઈટી કામ કરી છે. રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ નિર્દેશ આપ્યા કે, ઉદ્યોગકારો-વેપારીઓને બ્લેકમેઈલ કરનારાં સામે હવે ખંડણીનો ગુનો દાખલ કરાશે. છેતરપિંડીના કિસ્સા અટકે અને વેપારીઓના હિતનુ રક્ષણ થાય તે માટે ગૃહવિભાગે એસઆઈટીની રચના કરી છે ગૃહ રાજ્ય મંત્રીએ જણાવ્યુ કે, છેલ્લાં એક વર્ષમાં એસઆઈટીમાં આવેલી બાવન અરજીઓનો નિકાલ કરાયો છે. બે દુકાનો સહિત અંદાજે કુલ મળીને રૂા.7 કરોડના વિવાદનો અંત આવ્યો છે. હજુ એસઆઈટીમાં 140 અરજીઓ ચકાસણી હેઠળ છે. વેપારીઓ અને ઉદ્યોગકારોને બ્લેકમેઈલની પ્રવૃતિ હરગીઝ ચલાવી નહી લેવાય. વેપારીઓ નામ ન આપવાની શરતે ફરિયાદ આપી શકશે. રાજ્ય ગૃહ વિભાગ વેપારી-ઉદ્યોગકારોને બ્લેકમેઈલ કરનારાં તત્વોની ખાનગી રાહે તપાસ કરી ખંડણીનો ગુનો દાખલ કરશે. આ મામલે પોલીસ કમિશનરે સૂચનાઓ આપવામાં આવી છે. નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટના કેસોનુ ઝડપી નિરાકરણ થાય તે માટે 11 સ્પેશયલ કોર્ટ ચલાવવામાં આવી રહી છે.

# સી આર પાટીલે ગુલાંટ મારી, 60થી વધુ વયના ભાજપના નેતાને પણ ટિકિટ મળશે

**અમદાવાદ**

પ્રદેશ પ્રમુખ બન્યા બાદ સી.આર.પાટીલે બે ટર્મ ચૂંટાયા હોય અને 60થી વધુ વયનાને ટિકિટ નહી આપવા નિયમ લાધ્યો હતો જેથી ભાજપના નેતા-કાર્યકરોમાં કચવાટની લાગણી ઉભી થઈ હતી. પાટીલે યુવાઓને તક આપવાના બહાને આ નિયમ લાધ્યો હતો પણ આપની એન્ટ્રી થયા બાદ ગુજરાતના કેટલાંય જિલ્લા-તાલુકામાં ભાજપના ગઢમાં આપે ગાબડુ પાડયુ છે. ભાજપની જન આર્શિવાદ યાત્રાને ય ઝાઝો પ્રતિસાદ સાંપડયો નથી. દરમિયાન અમરેલીમાં આયોજિત એક કાર્યક્રમમાં પાટીલે જાહેર મંચ પરથી કહ્યું કે, 60થી વધુ વયનાને ટિકિટ નહી આપવાનો નિયમ માત્ર પંચાયત-પાલિકાની ચૂંટણી પુરતો સિમિત હતો. તેવી સ્પષ્ટતા કરી હતી.

# ગુજરાતમાં SPGનું એલાન, હવે પાટીદારોનું બીજું આંદોલન થશે

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે જ પાટીદારોએ સરકાર સામે એલાને જંગ છેડયો છે. સરદાર પટેલ ગ્રુપ( એસપીજી) એ ગુજરાતમાં પાર્ટીદાર આંદોલન પાર્ટ-2 ધમધમતુ કરવા એલાન કર્યુ છે. જોકે, આ વખતે પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો નહી હોય બલ્કે સામુહિક નેતૃત્વથી આંદોલન ધમધમશે. કેન્દ્રની કેબિનેટમાં પાટીદારોનુ રાજકીય કદ વધ્યુ છે. ગુજરાતમાં ય પાટીદારોને પુરતુ રાજકીય પ્રભુત્વ અપાયુ છે તેમ છતાય પાટીદારો ભાજપની નાખુશ છે. અનામત આંદોલન વખતે કરાયેલાં પોલીસ કેસો હજુ પાછા ખેંચાયા નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રાવણી પૂનમ અને રક્ષાબંધનને પગલે ડાકોરમાં રણછોડરાયજીના દર્શને લાખો ભક્તો ઉમટયાં



નડિયાદ : ખેડા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં શ્રાવણી પૂનમે ભક્તોનો ઘોડાપૂર ઉમટયો હતો. આખો દિવસ મંદિર પરિસર જય રણછોડ માખણ ચોરના નારાથી ગૂંજતું રહ્યું હતું. રક્ષાબંધનના પવિત્ર તહેવારે ભક્તો માટે દર્શનનો વધુ સમય રાખવામાં આવ્યો હતો. ભગવાનને વિશિષ્ટ વેશભૂષામાં શણગારવામાં આવ્યા હતા. શણગારભોગમાં રાજાધિરાજે તિલક કરીને યજ્ઞોપવિત ધારણ કરી હતી. ભગવાને ત્યારબાદ રેશનમોતીની રક્ષા ધારણ કરી હતી. તે પછી ઠાકોરજીની આરતી ઊતારવામાં આવી. રક્ષાબંધનનો વિશેષ મહિમા સમજાવતા મંદિરના એક સેવક જણાવે છે કે રણછોડજીના પત્ની લક્ષ્મીજીએ બલી રાજાને રાખડી બાંધી હતી. ત્યારથી આ પરંપરા ચાલી આવે છે અને એથી શ્રાવણી પૂનમને બળેવ પૂનમ પણ કહેવામાં આવે છે.

### ગુજરાત ભાજપના 2 સાંસદોનું સભ્યપદ જોખમમાં

જૂનાગઢ -ગુજરાત ભાજપના બે સાંસદો આણંદના મિતેશ પટેલ તથા જૂનાગઢના રાજેશ ચુડાસમા સામે નોંધાયેલા ગંભીર ગુનાઓ સાબિત થઈ જાય તો તેમનું સંસદસભ્ય પદ રદ થઈ શકે છે. સર્વોચ્ચ અદાલતો વખતોવખત તેના ચુકાદામાં આ બધા કેસનો ઝડપથી એક વર્ષમાં ટ્રાયલ ચલાવી નિવેડો લાવવાથી માંડીને, આ સંસદ સભ્યોને ફરી ટિકિટ નહીં આપવાના હુકમ સહિત છેલ્લે કોર્ટના હુકમનો અનાદર કરવા બદલ રાજકીટ પાર્ટીને દંડ પણ કરેલો છે. એસોસિએશન ફોર ડેમેક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા આવા સાંસદો સામે ઝડપથી પગલા લેવા માટે કોર્ટને રજૂઆત કરવામાં આવી છે. જો ગુજરાતની વાત કરીએ તો, રાજ્યના 182 ધારાસભ્યો પૈકી અનેક ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જો કે તેમાંથી એકપણ ધારાસભ્ય સામે લોકપ્રતિનિધિત્વ ધારાની કલમો હેઠળ કોર્ટમાં ગુનાઓ ફ્રેમ થયા નથી.

### ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતિ ઉજવવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો

વડોદરા: રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તથા શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના તમામ જિલ્લાઓમાં તા.૨૮ ઓગસ્ટને શનિવારના રોજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ ઉજવવાનું નક્કી કર્યું છે. તેના ભાગરુપે શહેરમાં કલેક્ટરના અધ્યક્ષ સ્થાને શનિવારે કસુંબીનો રંગ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. જેના વિશે કલેક્ટરે કહ્યું કે કાર્યક્રમનું સમગ્ર આયોજન અને વ્યવસ્થા એમ.એસ.યુનિ. દ્વારા કરવામાં આવશે તેમજ રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે. ઉજવણીના ભાગરુપે નોડલ અધિકારીની નિમણૂંક તેમજ વિવિધ વિભાગના અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. ઉપરાંત એમ.એસ.યુનિ. દ્વારા તા.૭ સપ્ટેમ્બરને મંગળવારે ૯ વાગ્યાથી ઝવેરચંદ મેઘાણી રચિત કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરેલું છે.

### ગુજરાતમાં 2 સપ્ટેમ્બરથી ધોરણ 6 થી 8ના વર્ગો શરૂ થશે, શિક્ષણમંત્રીએ કરી જાહેરાત

**અમદાવાદ:** કોરોનાની બીજી લહેરની અસર ધીમે-ધીમે મંદ પડી રહી છે. ગુજરાતમાં રોજ નવા નોંધાતા કેસમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર સ્કૂલ-કોલેજો શરૂ કરવામાં આવી રહી છે. આજે શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમાએ ધોરણ 6 થી 8ના ઑફલાઈન વર્ગો શરૂ કરવા અંગે મોટી જાહેરાત કરી છે. શિક્ષણ મંત્રીએ પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું કે, આગામી 2 સપ્ટેમ્બરથી રાજ્યમાં ધોરણ 6 થી 8ના ઑફલાઈન વર્ગો શરૂ કરવામાં આવશે. જેમાં સરકારી અને ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર શાળાના વર્ગો શરૂ થશે. આ દરમિયાન ઓનલાઈન અને ઑફલાઈન શિક્ષણ પણ ચાલુ જ રહેશે. આગામી 2 સપ્ટેમ્બરથી 32 લાખથી વધુ બાળકોનું શિક્ષણ કાર્ય શરૂ થશે. 50 ટકા ક્ષમતા સાથે વર્ગો શરૂ થશે. શાળામાં આવવા માટે વાલીઓની લેખિત સંમતિ હોવા જરૂરી.

### સરકારનો મહત્વનો નિર્ણય: જેલોમાં બંધ તમામ કેદીઓને મળશે ટેલીફોનની સુવિધા

**અમદાવાદ:** ગુજરાત સરકારે જેલને લઈને એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જેમાં રાજ્યની જેલોમાં તમામ કેદીઓને ટેલીફોનની સુવિધા મળશે. સરકારના નિર્ણય પ્રમાણે કાચા કામના અને પાકા કામના તમામ કેદીને ટેલીફોનની સુવિધા મળશે. રાજ્ય સરકારે અગાઉના પરિપત્રને રદ કરી નવો પરિપત્ર બહાર પાડ્યો છે. અગાઉ પૂર્વ IPSએ આ વિશે ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી કરી હતી. જેથી રાજ્યની તમામ જેલમાં કાચા અને પાકા કામના કેદીને ટેલિફોનની સુવિધા મળશે. રાજ્ય સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવાયો છે. સરકાર હવે રાજ્યની તમામ જેલોમાં બંધ કાચા કામના કેદી અને પાકા કામના કેદીઓને ટેલિફોનની સુવિધા ઉપલબ્ધ કરાવશે. સંજીવ ભટ્ટે હાઈકોર્ટમાં કરેલી અરજીના પગલે સરકારે જેલમાં બંધ કેદીઓ માટે આ નિર્ણય લીધો છે.

# દેશમાં ૨૪ કલાકમાં 46164 કેસ, 607 દર્દીનાં મોત

## કુલ કેસ પૈકીના 36 હજારથી વધુ કેસ કેરળ અને મહારાષ્ટ્ર રાજ્યમાં નોંધાયા, મહારાષ્ટ્રમાં પણ ગંભીર પરિસ્થિતિ

**નવી દિલ્હી**

કોરોનાની બીજી લહેર પીક પર પહોંચ્યાના ૩ મહિના બાદ પણ સ્થિતિ સામાન્ય નથી બની. એક તરફ કેરળમાં કોરોના સંક્રમણ બેકાબૂ બની ગયું છે ત્યારે બીજી બાજુ તેની અસર રાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળી રહી છે.

પરિસ્થિતિ એ છે કે, છેલ્લા ૨ દિવસમાં કોરોનાના નવા કેસમાં ૨૦ હજાર કરતા પણ વધારેનો ઉછાળો જોવા મળ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે ગુરૂવારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૬,૧૬૪ નવા કેસ નોંધાયા છે અને ૬૦૭ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તે સિવાય ૩૪,૧૫૯ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે ગયા છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩,૩૩,૭૨૫ છે. જ્યારે દેશમાં મૃતકોની સંખ્યાની વાત કરીએ તો તે ૪,૩૬,૩૬૫ થઈ ગઈ છે અને અત્યાર સુધીમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૩,૧૭,૮૮,૪૪૦ થઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે બુધવારે પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૭,૫૯૩ કેસ નોંધાયા હતા અને ૬૪૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ઉપરાંત ૩૪,૧૬૯ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે ગયા હતા. બુધવારે દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩,૨૨,૩૨૭ હતી. પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા કુલ કેસ પૈકીના ૩૬ હજાર કરતા વધારે કેસ માત્ર કેરળ અને મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ૨૪ કલાકમાં કુલ ૬૦૭ લોકોના મોત થયા છે જેમાંથી મહારાષ્ટ્રમાં ૨૧૬ અને કેરળમાં ૨૧૫ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ભારતમાં કોરોનાનો રિકવરી રેટ ૯૭.૬૩ ટકા છે. કેરળમાં ગુરૂવારે પાછલા ૨૪ કલાકમાં કોરોનાના ૩૧,૪૪૫ નવા કેસ નોંધાયા હતા. તે સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૩૮,૮૩,૪૨૯ થઈ ગઈ છે.

### કાબુલથી ભારત આવેલા 16 લોકો કોરોના પોઝિટિવ

અફઘાનિસ્તાનમાંથી રેસ્ક્યુ કરીને લોકોને ભારત લાવવાનું મિશન સતત ચાલુ છે. મંગળવારે અફઘાનિસ્તાનથી દિલ્હી પાછા આવેલા કુલ 78 મુસાફરોમાંથી 16 લોકો કોરોના પોઝિટિવ નોંધાયા છે. જાણવા મળ્યા મુજબ કાબુલથી ગુરૂગ્રંથ સાહિબ લઈને આવેલા 3 ગ્રંથી પણ કોરોના વાયરસની ઝપટમાં આવ્યા છે. જોકે રાહતની વાત એ છે કે, તે અન્વયે કોરોના વાયરસના કોઈ જ લક્ષણ નથી. કોરોના વાયરસનો રિપોર્ટ આવ્યા બાદ તમામ 78 લોકોને હવે ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી અને અન્ય નેતા, અધિકારીઓ પણ તે સૌના સંપર્કમાં આવ્યા હતા. અફઘાનિસ્તાનના કાબુલથી સતત ભારતીય વાયુસેનાના વિમાનો દ્વારા લોકોને લાવવામાં આવી રહ્યા છે. તેમાં ભારતીય નાગરિકોની સાથે સાથે અફઘાની નાગરિકોનો પણ સમાવેશ થાય છે. તે અનુસંધાને ગત રોજ 78 લોકોને લાવવામાં આવ્યા હતા અને તેમના સાથે ગુરૂગ્રંથ સાહિબની 3 પ્રતિઓને કાબુલથી પાછી લાવવામાં આવી હતી.

# મૈસુરમાં MBAની વિદ્યાર્થિની પર 6 ઈસમો દ્વારા બળાત્કાર

**મૈસુર**

બેંગલુરુની નજીક આવેલા મૈસુરુમાં ૨૨ વર્ષની એક એમબીએ સ્ટુડન્ટ પર ગેંગરેપ થયો છે. યુવતી પોતાના મિત્ર સાથે બાઈક પર ફરવા ગઈ હતી, ત્યારે તેમને છ જેટલા લોકોએ અટકાવ્યા હતા. યુવતીના ફ્રેન્ડને આ લોકોએ ફટકાર્યો હતો અને યુવતી પર ગેંગરેપ કર્યો હતો. મંગળવારે રાત્રે બનેલી આ ઘટનામાં મૈસુરુ નજીકના ચામુંડીહિલ્સ પર યુવતી પર ગેંગરેપ ગુજારાયો હતો. પીડિતા મૂળ મુંબઈની હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

આ ઘટના બાદ પીડિતા આઘાતમાં સરી પડી છે. તેને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, તે બુધવારે પોલીસ સાથે વાત કરવાની સ્થિતિમાં આવી હતી. પોલીસે યુવતીની ફરિયાદના આધારે એક શખસની અટકાયત કરી તેની પૂછપરછ શરુ કરી છે. કર્ણાટકના સીએમ બાસવરાજ બોમ્માઈએ રાજ્યના પોલીસ વડા પ્રવીણ સૂદને આરોપીઓને જલ્દી પકડવા માટે સૂચના આપી છે. પોલીસે હાલ એસઆઈટી બનાવીને બળાત્કારીઓને પકડવાની ગતિવિધિ તેજ બનાવી છે.

# અફઘાન મુદ્દે ભારત વેઈટ એન્ડ વોચની સ્થિતિમાં : વિદેશ મંત્રી એસ. જયશંકર

## અફઘાનિસ્તાનની સ્થિતિ ખરાબ છે, લોકોને જલ્દી બચાવવા કવાયત ચાલુ

**નવી દિલ્હી**

ભારત સરકારે ગુરૂવારે અફઘાનિસ્તાન મુદ્દે સર્વદળીય બેઠક યોજી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરની આગેવાનીમાં વિદેશ મંત્રાલયની ટીમે તમામ રાજકીય દળોના ફ્લોર લીડર્સને અફઘાનિસ્તાનની સ્થિતિની જાણકારી આપી હતી. સરકારે જણાવ્યું હતું કે, હાલ તેઓ વેઈટ એન્ડ વોચ મોડમાં છે પરંતુ મુખ્ય ફોકસ લોકોને



ત્યાંથી કાઢવા પર છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે વિદેશ મંત્રી એસ. જયશંકરે બેઠકમાં જણાવ્યું કે, અફઘાનિસ્તાનની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. તેવામાં ભારતનું ફોકસ પોતાના લોકોને જલ્દી બહાર કાઢવા પર છે. તાલિબાને અમેરિકા સાથે દોહામાં જે વચન આપેલું તેને પૂરૂ નથી કર્યું. વિદેશ સચિવ હર્ષ શૃંગલાએ પણ આ બેઠકમાં પ્રેઝન્ટેશન આપ્યું હતું. સરકાર દ્વારા કહેવામાં આવ્યાં હતું કે, અફઘાનિસ્તાનમાં ભારત સરકારના હેલ્પ ડેસ્ક પર આશરે ૧૫ હજાર લોકોએ સંપર્ક કર્યો હતો.

# દેશમાં 27% ઓછો વરસાદ : ગુજરાત સહિત અનેક રાજ્યોમાં દુષ્કાળની ભીતિ

## દેશમાં 44 ડિવીઝનમાં સામાન્ય કરતા પણ ઓછો વરસાદ, કૃષિને માઠી અસર

**નવી દિલ્હી**

કોરોના મહામારી અને નબળી આર્થિક સ્થિતિ વચ્ચે હવે દેશના અનેક રાજ્યોમાં દુષ્કાળનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ઓગસ્ટ મહિનામાં દેશભરમાં સામાન્યથી લઈને 27 ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

આ મહિનાના હવે જે દિવસો બાકી રહ્યા છે તેમાં પણ વધુ સારો વરસાદ પડવાની આગાહી નથી. જેને પગલે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. નબળા વરસાદની અસર દેશના આર્થતંત્ર પર પણ જોવા મળી શકે છે અને મોંઘવારી હજુ પણ વધી શકે છે.

હવામાન વિભાગના વરિષ્ઠ વિજ્ઞાનિક આર કે જેનામણિએ મીડિયાને કહ્યું હતું કે અનેક રાજ્યોમાં ઓછા વરસાદને પગલે સ્થિતિ અત્યંત ખરાબ છે. અનેક રાજ્યોમાં ઓગસ્ટ મહિનામાં સામાન્યથી 50 ટકા વરસાદ પણ રેકોર્ડ નથી થયો.

કૃષિમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા પંજાબની સ્થિતિ પણ ખરાબ છે. પંજાબમાં સરેરાશ 130 મિલીમીટર વરસાદ પડવો જોઈએ તેના બદલે હાલ માત્ર 62 મિલીમીટર જ વરસાદ પડયો છે. આવી જ સ્થિતિ અન્ય રાજ્યોની પણ છે.

સૌથી ખરાબ પરિસ્થિતિ ધરાવતા રાજ્યોમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં 71 ટકા વરસાદ ઓછો પડયો છે. આ મહિનાના 23 દિવસ દરમિયાન સૌરાષ્ટ્રમાં તો માત્ર 15 મિલીમીટર જ વરસાદ નોંધાયો છે. જે સરેરાશ કરતા 85 ટકા ઓછો છે.

# બળવાખોરોને કોંગ્રેસનો સંકેત, ચૂંટણીમાં સીએમ પદે કેપ્ટન હશે

**પંજાબ**

પંજાબમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ભડકી ઉઠેલો છે. સીએમ કેપ્ટન અમરિન્દરસિંહ સામે પંજાબના કોંગ્રેસ અધ્યક્ષ નવજોત સિધ્ધુ તરફી ધારાસભ્યો બળવાના મૂડમાં છે ત્યારે કોંગ્રેસે આગામી ચૂંટણીમાં પણ સીએમ પદના ઉમેદવાર કેપ્ટન અમરિન્દર રહેશે તેવો સંકેત આપ્યો છે.

પ્રભારી હરીશ રાવતે કહ્યુ છે કે, કોંગ્રેસ પાર્ટી 2020માં પણ કેપ્ટનની આગેવાનીમાં જ ચૂંટણી લડશે. ઉલ્લેખનીય છે કે, આજે પાર્ટીના પાંચ મોટા નેતા હરીશ રાવતને મળવા માટે પહોંચ્યા છે. આ દરમિયાન હરીશ રાવતે નેતાઓ સાફ કહ્યુ હતુ કે, કેપ્ટન અમરિન્દરસિંહને સીએમ તરીકે હટાવવાની માંગણી પૂરી નહીં થાય અને પાર્ટી તેમની જ આગેવાનીમાં ચૂંટણી લડશે.

દરમિયાન આ પાંચ નેતાઓ દિલ્હીમાં કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધીને પણ મળે તેવી સંભાવના છે. આ પૈકીના એક નેતાએ કહ્યુ હતુ કે, ધારાસભ્યોમાં નારાજગી છે ત્યારે કોંગ્રેસ હાઈ કમાન્ડે મુખ્યમંત્રીને તમામ ધારાસભ્યોની બેઠક બોલાવવાની ફરજ પાડવી જોઈએ.

# કલકત્તા એરપોર્ટ પર 4250 કરોડના કિંમતી ધાતુ સાથે બે ઝડપાયા

**કોલકાતા**

કલકત્તા એરપોર્ટ પરથી એક વ્યક્તિ કરોડોની કિંમતી ધાતુ સાથે ઝડપાઈ છે. આ વ્યક્તિ પાસેથી રેડિયોએક્ટિવ પદાર્થ કબજે લેવામાં આવ્યો છે. રિપોર્ટ્સ મુજબ સીઆઈડીએ બે લોકો પાસેથી ૨૫૦ ગ્રામ કેલિફોર્નિયમ જપ્ત કર્યું છે. જેની અંદાજીત કિંમત ૪,૨૫૦ કરોડ રૂપિયા થાય છે. ઝડપાયેલા બન્ને શખ્સો શૈલાન કર્માકર અને અસિત ઘોષ હુગલી જિલ્લાના રહેવાસી છે. આ આરોપીઓ પાસેથી મળેલી ધાતુનો ઉપયોગ ખાસ જગ્યાઓ પર કરવામાં આવે છે. કેલિફોર્નિયમનો ઉપયોગ પોર્ટેબલ મેટલ ડિટેક્ટર્સમાં કરવામાં આવે છે. સોના અને ચાંદીની ખાણની ઓળખ માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

# કાશ્મીરમાં ટીઆરએફના ચીફ સહિત વધુ ત્રણ ખૂંખાર આતંકવાદીઓ ઠાર

**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરના બારામુલ્લામાં લશ્કરે તોયબાના ત્રણ આતંકીઓ ઠાર મરાયા હતા. જે સાથે જ છેલ્લા 24 કલાકમાં કાશ્મીરમાં પાંચ આતંકીઓ માર્યા ગયા છે. સોમવારે મોડી રાત્રે સૈન્ય દ્વારા બારામુલ્લામાં આતંકીઓની શોધખોળ માટે સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું.

જોકે આતંકીઓને તેની જાણ થઈ જતા બન્ને વચ્ચે સામસામે ભારે ગોળીબાર થયો હતો. જેમાં ત્રણ આતંકીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા આતંકીઓના નામ ફૈઝલ ફયાઝ, રમીઝ અહેમદ અને ગુલામ મુસ્તફા શેખ છે. આ આતંકીઓ શોપિયાં અને કુપવાડાના રહેવાસીઓ હતા.

લશ્કરે તોયબાના સંગઠન ધ રેઝિસ્ટન્સ ફોર્સ (ટીઆરએફ) સાથે આ ત્રણેય આતંકીઓ જોડાયેલા હતા. અગાઉ સોમવારે બે આતંકીઓ માર્યા ગયા હતા તેમાં અબ્બાસ શેખ નામનો આતંકી ટીઆરએફનો ચીફ હતો. જ્યારે બીજો માર્યો ગયેલો આતંકી શાકિબ મંઝૂર ડેપ્યૂટી ચીફ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ એક જ સંગઠનના ચાર આતંકીઓ અને તેના ચીફને મારવામાં સૈન્યને સફળતા મળી હતી.

# બાળકી પર દુષ્કર્મ કરનાર મેઘાલયના પૂર્વ MLAને ૨૫ વર્ષની જેલની સજા

**શિલોંગ**

મેઘાલયના પૂર્વ અપક્ષ ધારાસભ્ય જુલિયસ ડોરફાંગને એક સગીર બાળકી પર બળાત્કાર ગુજારવાના આરોપ હેઠળ ૨૫ વર્ષ જેલની સજા થઈ છે. પોકસોના સ્પેશિયલ જજ એફ એસ સંગમાએ જુલિયસ ડોરફાંગને આ સજા સંભળાવી હતી. સજા ઉપરાંત પૂર્વ ધારાસભ્યને ૧૫ લાખ રૂપિયાનો દંડ પણ ફટાકારવામાં આવ્યો છે. પૂર્વ ધારાસભ્યના વકીલ કિશોર સીએચ ગૌતમે જણાવ્યું છે કે તે આ ચુકાદાને મેઘાલય હાઈકોર્ટમાં પડકારશે. વિદ્રોહી જૂથ હિનીવટ્રેપ નેશનલ લિબરેશન કાઉન્સિલના સંસ્થાપક અધ્યક્ષ જુલિયસ ડોરફાંગે વર્ષ ૨૦૦૭માં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યુ હતું.

# હિટ એન્ડ રનમાં ગુજરાત દેશમાં છઠ્ઠા ક્રમે, 2893 ઘટનામાં 1529નાં મોત

**અમદાવાદ**

ગુજરાતમાં વર્ષ 2019માં હિટ એન્ડ રનની 2,893 ઘટનામાં 1,529 લોકોએ જીવ ગુમાવ્યા છે, રોડ એક્સિડેન્ટના અહેવાલ પ્રમાણે દેશમાં હિટ એન્ડ રનની ઘટનામાં 29,354 નાગરિકોએ જીવ ગુમાવ્યા છે અને 67,751 લોકો ઘાયલ થયા છે. ગુજરાત સરકારે હિટ એન્ડ રનના બનાવોને રોકવા માટે ચોક્કસ નીતિ ઘડવી જોઈએ, તેવી માગણી ગુજરાત કોંગ્રેસે કરી છે.

ગુજરાત કોંગ્રેસે કહ્યું કે, હિટ એન્ડ રનની ઘટનામાં ગુજરાતનો ક્રમાંક સાતમો આવે છે જ્યારે હિટ એન્ડ રનની ઘટનામાં માનવ જિંદગી મોત થવા મામલે ગુજરાત દેશમાં છઠ્ઠા ક્રમે છે, રાજ્યમાં કરોડો રૂપિયાના ખર્ચે બનતા જાહેર રસ્તાઓ, હાઈવેની ગુણવત્તા ગંભીર પ્રશ્ન છે.

રાજ્ય સરકાર વાહન ચાલકો પાસેથી રોડ ટેક્સ પેટે કરોડો રૂપિયા ઉઘરાવે છે, સાથો સાથ અન્ય વેરામાં સેસ પેટે પણ કરોડો વસૂલે છે ત્યારે સલામત રસ્તા માટે રાજ્ય સરકાર ગંભીર બને અને માનવ જિંદગી બચાવે તે જરૂરી છે.

**વર્ષ 2019માં હિટ એન્ડ રનની ઘટનાઓ**

| રાજ્ય | અકસ્માત | મોત |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૧૩,૫૫૦ | ૩,૪૯૫ |
| મહારાષ્ટ્ર | ૮,૫૭૫ | ૩,૬૧૭ |
| ઉત્તર પ્રદેશ | ૭,૭૭૮ | ૪,૨૯૯ |
| રાજસ્થાન | ૭,૭૪૧ | ૩,૩૧૪ |
| બિહાર | ૪,૦૨૩ | ૩,૧૦૪ |
| તામિલનાડુ | ૩,૬૭૦ | ૮૬૪ |
| ગુજરાત | ૨,૮૯૩ | ૧,૫૨૯ |
| હરિયાણા | ૨,૭૬૦ | ૧,૪૦૬ |
| તેલંગાણા | ૨,૩૦૦ | ૭૪૯ |
| છત્તીસગઢ | ૨,૨૮૦ | ૯૯૨ |

# ગુજરાતના માર્ગે હેરોઈન આવ્યું: વૈશ્વિક ડ્રગ ડીલર્સના નામ ખુલ્યા

**અમદાવાદ**

ગુજરાતના માર્ગે કરોડોનું ૫૦૦ કિલોનું હેરોઈન પ્રકરણમાં પંજાબની જેલમાંથી સુખબીરસિઘ ઉર્ફે હેપી લખબીસિંહને એનઆઈએએ ટ્રાન્સફર વોરન્ટથી ધરપકડ કરીને ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમ્યાન ખુલાસો થયો છે કે, આરોપી સુખબીરસિઘના મોબાઈલના ડેટામાંથી ઈન્ટરનેશલ ડ્રગ્સ રેકેટર સિમરનજીતસિંહ સંધુ સાથે અત્યાર સુધી કેટલીવાર ડ્રગ્સની હેરાફેરી કરવામાં આવી હતી.

સુખબીરસિંહ ઉર્ફે હેપી અફઘાનમાં અરમાન સાથે ઘરાબો ધરાવતો હોય તેના મારફતે અફઘાનથી ડ્રગ્સ શુધ્ધ કરાવવા મગાવતો હતો. આરોપી સુખબીરસિંહના વોટસએપના મેસેજમાં ભારતના પણ ડ્રગ્સ ડીલરોના નામો બહાર આવ્યા છે. એનઆઈએ દ્વારા સુખબીરસિઘ ઉર્ફે હેપી લખબીસિંહની પંજાબની જેલમાંથી બહાર કાઢીને છ દિવસ માટે રિમાન્ડ પર સોંપવા માટે કરેલી અરજીમાં ખાસ કોર્ટે ચાર દિવસના રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો. સુખબીરસિંહની પુછપરછમાં બહાર આવ્યુ હતુ કે, પાકિસ્તાનથી દાણચોરી કરવામાં આવતા કુલ ૫૦૦ કિલો હેરોઈનમાંથી ૨૦૦ કિલોગ્રામનો કચરો ભરીને ઈન્દ્રેશ રામબચ્ચન નિશાતની ટ્રકમાં લાકડાંની પેનલો વચ્ચે છુપાવવામાં આવ્યો હતો.

# આકરી ટ્રેનિંગ પાસ કરીને ગુજરાતી યુવતી યુએસ મરીનમાં જોડાઈ ગઈ

**વડોદરા**

અમેરિકાના નોર્થ કેરોલિનામાં રહેતી ૧૯ વર્ષની ગુજરાતી યુવતીએ અત્યંત કઠીન ગણાતી ટ્રેનિંગ પૂર્ણ કરીને યુ.એસ. મરીનમાં સ્થાન મેળવી લીધુ છે. યુવતીનો પરિવાર અગાઉ વડોદરા ખાતે રહેતો હતો અને અહીંથી વાપી શિફ્ટ થયા હતા જ્યાં યુવતીનો જન્મ થયો હતો અને પછી પરિવાર અમેરિકા સ્થાયી થયો હતો. યુ.એસ.મરીનમાં સ્થાન મેળવનાર દિયા ભાણવડિયાના પિતા નિલેશભાઈએ વાત કરતા કહ્યુ હતું કે નાનપણથી જ દિયાને સ્પોર્ટસ અને એડવેન્ચર પસંદ હતા. પ્રાથમિક શિક્ષણ દરમિયાન પણ તે શાળાની સ્પોર્ટસ એક્ટિવિટીમાં ભાગ લેતી હતી અને ટીમની કેપ્ટન બનતી હતી. અમે વર્ષ ૨૦૧૭માં યુએસએ શિફ્ટ થયા હતા.

# વલસાડના મંદિરમાં દરરોજ અનોખી ઘટના ભજનમાં ભક્તો સાથે તાલ મિલાવતો શ્વાન

વલસાડ- વલસાડ તાલુકાના છેવાડાના વાંકલ ગામના લવકર ફળિયામાં એક શ્વાનની મા અંબે પ્રત્યેની ભક્તિ અને શ્રાદ્ધા સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બની ગયો છે. ગામમાં આવેલા મા અંબાજી મંદિરમાં દરરોજ રાત્રે 8.00 કલાકે આરતી થાય છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરમાં આરતી બાદ સ્થાનિકો દ્વારા ભજન-કીર્તન કરવામાં આવી રહ્યા છે. જેમાં અનેક શ્રદ્ધાળુઓ ભાગ લઈ રહ્યા છે, જે સામાન્ય બાબત છે, પરંતુ સૌથી મહત્ત્વની વાત એ છે કે, શ્રાદ્ધાળુઓની સાથે એક શ્વાન આરતી અને ભજન-કીર્તનના કાર્યક્રમમાં રોજ અચૂક હાજરી આપી રહ્યો છે.


ગામના અન્ય ફળિયામાં રહેતા જગુભાઈ નામન ખેડૂતના ઘરે પાળવામાં આવેલો શ્વાન રોજ 400 મીટરનું અંતર કાપીને આરતી તથા ભજન-કીર્તનમાં અચૂક હાજરી આપે છે. આરતીનો પ્રારંભ થતાં જ રંગમાં આવી જતો આ શ્વાન, ઘંટનાદ વચ્ચે ભક્તોની તાળીઓ સાથે તાલ મિલાવતો હોય, તેમ મોંથી ક્યારેક શંખ જેવો કોય ક્યારેક વાંસળી જેવો અવાજ કાઢે છે.

# ગુજરાતમાં હૃદયરોગથી પીડાતાં બાળકોની સર્જરીમાં 35 ટકા સુધીનો ઘટાડો

**અમદાવાદ**

કોરોના કાળ પહેલાં અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં રાજ્યની સ્કૂલોમાં ભણતાં બાળકોની દર વર્ષે ૧૭૦૦ આસપાસથી માંડીને ૨૧૦૦ જેટલી કાર્ડિયાક સર્જરી થઈ હતી, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧,૬૮૪ કાર્ડિયાક સર્જરી થઈ હતી, જોકે વર્ષ ૨૦૨૦-૨૧માં ઘટીને ૧,૧૦૬ કાર્ડિયાક સર્જરી થઈ છે. આમ ગત વર્ષ કરતાં કાર્ડિયાક સર્જરીમાં ૩૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. કોરોનાને કારણે અન્ય રોગોની સારવાર મહદ્અંશે ઠપ્પ થઈ હતી, જેમાં કિડની, કેન્સર, હૃદય રોગ સહિતની સારવારને પણ અસર થઈ હતી. સરકારની રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ યોજના અંતર્ગત અમદાવાદમાં સિવિલ કેમ્પસની હૃદય રોગની હોસ્પિટલમાં નિશુલ્ક સારવાર અપાય છે.

# ઇસ્લામ ધર્મનો ચોથો મુળભુત સ્તંભ (સિધ્ધાંત) ઝકાત (ફરજીયાત દાન-પુણ્ય)



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**
કાસિમ અબ્બાસ

આ જગતમાં વસ્તા દરેક માનવીની આવક તથા નાણાંકિય સ્થતિ એક જેવી નથી હોતી, પરંતુ ભિન્ન ભિન્ન હોય છે. કોઈ વ્યક્તિ કરોડપતિ કે અબજપતિ હોય છે, તો કોઈ લખપતિ અને કોઈ વ્યક્તિ તો કંગાળ પણ હોય છે, અને કોઈની નાણાંકિય સ્થિતિ મધ્યમ પ્રકારની પણ હોય છે. સમાજમાં રહેતા આપણને એ પણ જોવા મળે છે કે જગતના આવા અબજપતિઓ, કરોડપતિઓ અને લખપતિઓ પોતાની અઢળક સંપત્તિ માંથી અમુક ભાગ રીબાતી માનવતા માટે સામાજીક કલ્યાણના પરોપકારી કાર્યોમાં ખર્ચ કરે છે. આ પ્રકારનો ખર્ચ કોઈ દાનવીર વ્યક્તિગત રીતે કરે છે અને કોઈ દાનવીર સેવાભાવી અને કલ્યાણકારી સંખ્યા સ્થાપિત કરીને કરે છે. આવી કલ્યાણકારી સંસ્થાને આપણે ''ચેરીટેબલ ફાઉન્ડેશન'' જેવા નામથી જાણીએ છીએ.

આવા દાનવીરો અને તેમની કલ્યાણકારી સંસ્થાઓ થકી જગતના કરોડો દરિદ્ર અને નિર્ધન માનવીઓને જુદા જુદા પ્રકારની સહાય મળી જાય છે, જેથી એ વાતને પૃષ્ટિ મળે છે કે આ સ્વાર્થી જગતમાં હજી પણ એવા માનવીઓ છે, જેઓ પોતાની અઢળક સંપત્તિ માંથી એક ભાગ, ભલે એ બહુ જ નાનો ભાગ હોય, થકી રીબાતી માનવતાની સહાય કરે છે. આ રીતે રીબાતી માનવતાની સહાયમાં દાન પુણ્ય બહુ જ મહત્વનો ભાગ ભજવે છે.

કેનેડામાં પણ આવી હજારો કલ્યાણકારી સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે, જેમાં સૌથી મોટી અને નામાંકિત સંસ્થા ''યુનાઈટેડ વે'' છે, જેને વર્ષે દહાડે દાનવીરો તરફથી કરોડો ડોલર દાન સ્વરૂપે મળે છે, અને તે દાનના નાણા માનવ કલ્યાણના કાર્યોમાં ખર્ચાય છે.

દાન પુણ્ય એ એક બહુ જ પરોપકારી કાર્ય છે અને લગભગ દરેક ધર્મમાં તેના પર ભાર મુકવામાં આવેલ છે. મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ દાન પુણ્ય પર ઘણોજ ભાર મુકવામાં આવેલ છે, જેમાં મરજીયાત દાન પુણય છે અને ફરજીયાત દાન પુણ્ય પણ છે. મરજીયાત દાન પુણ્ય માટે કોઈ હદ-ઓછામાં ઓછું કે વધુમાં વધુ નથી. માનવીની નાણાંકિય સ્થિતિ અને સંજોગો અનુસાર તે મરજીયાત દાનપુણ્ય ક્યારે પણ કરી શકે છે. ફરજીયાત દાન પુણ્ય માટે એક ચોક્કસ કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે. આ ફરજીયાત દાન પુણ્ય ઈસ્લામ ધર્મનો એક મુળભુત સિધ્ધાંત (સ્તંભ-અરકાન) છે, જેને ''ઝકાત'' કહેવામાં આવે છે.

''ઝકાત'' એ અરબી ભાષાનો શબ્દ છે અને તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર ''પવિત્ર કરવું'' એ થાય છે. જ્યારે એક શ્રધ્ધાળુ (મોમીન-ઈમાનવાળો) પોતાની તમામ સંપત્તિ માંથી વર્ષમાં એકવાર એક ચોક્કસ પદ્ધતિના અનુસાર એક ચોક્કસ રકમ ''ઝકાત'' તરીકે ગણત્રી કરીને ફરજીયાત દાન પુણ્ય માટે નોખી કાઢી છે, અને તેને દાન પુણ્યમાં ખર્ચે છે, ત્યારે તેની બાકીની સંપત્તિ પવિત્ર થઈ જાય છે, જેથી તેને ''ઝકાત'' કહેવામાં આવે છે.કુરાન મજીદમાં આ શબ્દનો અર્થ ફરજીયાત દાન પુણ્ય તરીકે થાય છે.

ઈસ્લામ ધર્મના જે પાંચ મુળભુત સિધ્ધાંતો (સ્તંભો-અરકાન) છે, તેમાં પહેલો સિધ્ધાંત શ્રધ્ધા (ઈમાન), બીજો બંદગી (સમયસરની નમાઝ), ત્રીજો પવિત્ર રમઝાન માસના ઉપવાસ (રોઝા), ચોથો ફરજીયાત દાન પુણ્ય (ઝકાત) અને પાંચમો પવિત્ર ભુમિ મક્કા અને મદીના (સઉદી અરેબીયા)ની યાત્રા (હજ) છે.

આ ચોથો સિધ્ધાંત (અરકાન) ઝકાત (ફરજીયાત દાન પુણ્ય) એવા શ્રધ્ધાળુઓ (ઈમાનવાળાઓ) પર ફરજીયાત છે, જેમની નાણાંકિય સ્થિતિ ઠીક ઠીક હોય. આ ''ઠીક ઠીક નાણાંકિય સ્થિતિ'' નું પ્રમાણ એ છે કે શ્રધ્ધાળુઓ (મોમીનો) વ્યક્તિગત રીતે ઓછામાં ઓછા સાડાસાત તોલા સોનું અથવા સાડાબાવન તોલા ચાંદી અથવા તેટલી જ કીંમત જટલા નાણાના પોતે માલિક હોય, તો તેઓના પર ઝકાત ફરજીયાત છે. બીજી શરત એ પણ છે કે આ રકમ તેમના પાસે એક વર્ષ સુધી રહેલી હોય. આ એક વર્ષની શરત અનુસાર, શ્રધ્ધાળુઓ (મોમીનો)એ વર્ષ પૂર્ણ થયા પછી તેઓની પાસેની કુલ રકમ માંથી અઢી ટકા રકમ ઝકાત તરીકે કાઢવી અને તેની કાર્ય પદ્ધતિ અનુસાર ખર્ચ કરવી ફરજીયાત છે. આ ઝકાતની રકમ ફરજીયાત દાન પુણ્ય તરીકે પુણ્યના કયા કયા કાર્યો પર ખર્ચ કરી શકાય છે, તેનું વર્ણન આગળ આવશે. મોટાભાગના શ્રધ્ધાળુઓ (મોમીનો) આ ઝકાતની રકમ પવિત્ર માસ રમઝાનમાં આ કાર્ય પદ્ધતિ અનુસાર ખર્ચ કરે છે.

હવે આપણે જોઈએ કે મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં આ ફરજીયાત દાન પુણ્ય ઝકાત વિશે શું કહેવામાં આવેલ છે. કુરાન મજીદમાં ઝકાત આપવા વિષે અસંખ્ય બોધવચનો આપવામાં આવેલ છે. ખાસ કરીને કુરાન મજીદમાં અસંખ્ય જગ્યાએ ઝકાત આપવાનો આદેશ બંદગી કરવાના (નમાઝ કાયમ કરવાના) આદેશ સાથે જોડીને આપવામાં આવેલ છે. આવું એક બોધવચન આ પ્રમાણે છે :-

''બંદગી (નમાઝ) સ્થાપિત (કાયમ)કરો અને ઝકાત (ફરજીયાત દાન પુણ્ય) આપ્યા કરો.'' (પ્રકરણ ૨, શ્લોક ૪૩)

હવે નીચે કુરાન મજીદમાંના આવા જ પ્રકારના બીજા બે બોધવચનો આપવામાં આવે છે, જેમાં ઝકાત આપવાનો આદેશ આપવામાં આવેલ છે.

''અને સમયસર બંદગી કરો (નમાઝ સ્થાપિત-કાયમ કરો) અને ઝકાત (ફરજીયાત દાન પુણ્ય) આપ્યા કરો. તમે તમારા આગળના જીવન (આખેરતના જીવન)માટે જે સદ્કાર્ય તમારા માટે આગળ મોકલશો, અલ્લાહને ત્યાં તમે તે સદ્કાર્યોનું અસ્તિત્વ જરૂરી જોશો. ખચિત તમે જે કંઈ કાર્ય કરો છો તે સર્વે અલ્લાહ સંપૂર્ણ પણે જાણે છે. અને તે કાર્ય તેની દ્રષ્ટિમાં છે.'' (પ્રકરણ ૨, શ્લોક ૧૧૦) ક્રમશઃ

# સતત ત્રીજી ટેસ્ટમાં રૂટની સદી : ભારતના 78 સામે ઈંગ્લેન્ડના 8 વિકેટે 423 રન

## રૂટના 121 : મલાન (70), હામીદ (68) અને બર્ન્સ (61)ની અડધી સદી

**હેડિંગ્લે**

ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટે ભારત સામેની શ્રેણીની સળંગ ત્રીજી ટેસ્ટમાં ત્રીજી સદી સાથે ૧૨૧ રન ફટકારતાં યજમાની ટીમે પ્રથમ ઈનિંગમાં ૩૪૫ રનની સરસાઈ હાંસલ કરી લીધી છે. ઈંગ્લેન્ડના ટોપ ઓર્ડરે મક્કમ બેટીંગ કરતાં જંગી સ્કોરનો પાયો નાંખ્યો હતો. ભારતીય બોલરોએ પણ મેચમાં પાછા ફરવાના પ્રયાસો જારી રાખતાં વિકેટો ઝડપી હતી. ઈંગ્લેન્ડે બીજા દિવસની રમતના અંતે ૮ વિકેટે



૪૨૩ રન કર્યા હતા. મોહમ્મદ શમીને ત્રણ વિકેટ મળી હતી. જ્યારે સિરાજ અને જાડેજાએ બે-બે વિકેટ ઝડપી હતી. બુમરાહે રૂટની પ્રાઈઝ વિકેટ ઝડપી હતી. હેડિંગ્લેમાં ચાલી રહેલી શ્રેણીની ત્રીજી ટેસ્ટના બીજા દિવસે બર્ન્સ (૫૨) અને હામીદ (૬૦)ની જોડીએ ટીમના સ્કોરને વિના વિકેટે ૧૨૦ રનના સ્કોરથી આગળ ધપાવ્યો હતો. ભારતીય બોલરોએ ઈંગ્લેન્ડના બંને ઓપનરોને પેવેલિયન ભેગા કરી દીધા હતા. આ તબક્કે ટીમ ઈન્ડિયાને મેચમાં પાછા ફરવાની તક હતી. જોકે, મલાન અને રૂટની જોડીએ મક્કમ બેટીંગ કરતાં ઈંગ્લેન્ડની સ્થિતિ મજબૂત કરી હતી.

## રેસલિંગ ફેડરેશનના ચીફે ચેતવણી આપતાં રેસલર રવિ, બજરંગ-વિનેશની કારકિર્દી જોખમમાં મુકાઈ

**નવીદિલ્હી**

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાની આકરી કાર્યવાહીના કારણે ટોક્યો ઓલિમ્પિકમાં મેડલ જીતનાર રેસલર રવિ દહિયા અને બજરંગ પૂનિયાની સાથે વિનેશ ફોગાટ જેવા ટોચના રેસલર્સ માટે આવનારા દિવસો મુશ્કેલીભર્યા બની રહેશે અને તેમની કારકિર્દી ઉપર લટકતી તલવાર રહેશે. રેસલિંગ ફેડરેશને રેસલર્સ માટે આકરો નિર્ણય લીધો છે.

ફેડરેશનના પ્રમુખ બ્રિજભૂષણ શરણસિંહે જણાવ્યું હતું કે જો કોઈ રેસલર કોઈ પ્રાઈવેટ સંસ્થાની મદદ લેશે તો તેમને કોઈ ઈવેન્ટમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. ટોક્યો ગેમ્સ બાદ થયેલા કેટલાક વિવાદના સંદર્ભમાં રેસલિંગ ફેડરેશને વિનેશ ફોગાટ સહિત કેટલીક મહિલા રેસલર્સને શો-કોઝ નોટિસ પાઠવીને તેમની પાસેથી ખુલાસા માગ્યા હતા.

## ફ્રાન્સના સ્ટ્રાઈકર કિલિયન મબાપેને રિયલ મેડ્રિડ ક્લબે 1400 કરોડ રૂપિયાની ઓફર કરી

**મેડ્રિડ**



ટોચની ક્લબોમાં સામેલ રિયલ મેડ્રિડે ફ્રાન્સના સ્ટાર ફૂટબોલ કિલિયન મબાપેનો પોતાની ટીમ સાથે જોડાવા 1400 કરોડ રૂપિયાની ઓફર કરી છે. મબાપે હાલમાં ફ્રાન્સની અન્ય એક ક્લબ પેરિસ સેન્ટ જર્મેન તરફથી રમે છે. જો આ પ્રસ્તાવ આગળ વધશે તો લાયોનલ મેસ્સી, નેમાર અને મબાપેને એક સાથે પીએસજી તરફથી રમવા નિહાળતા સમર્થકો માટે મોટા આઘાત સમાન રહેશે. સ્પેનિશ ક્લબ રિયલ મેડ્રિડે પેરિસ સેન્ટ જર્મેનને આ ઓફર આપી છે. રિયલ મેડ્રિડે મબાપેને પોતાની સાથે સાંકળવા માટે પીએસજીને 17.10 કરોડ પાઉન્ડ (લગભગ 1,395 કરોડ રૂપિયા)ની જંગી ઓફર કરી છે.

## ટોક્યો પેરાલિમ્પિકનો પ્રારંભ, ત્રિરંગા સાથે ભારતીય એથ્લેટ્સની શાનદાર એન્ટ્રી થઈ



**ઓલિમ્પિક બાદ ટોક્યોમાં હવે પેરાલિમ્પિકની રોમાંચકતા જોવા મળશે. જાપાનની રાજધાનીમાં ગેમ્સનો રંગારંગ કાર્યક્રમ તથા આતશબાજી સાથે પ્રારંભ થયો છે. ઓપનિંગ સેરેમનીમાં ટેક ચંદના નેતૃત્વમાં ભારતીય ટીમે ગેમ્સ વિલેજથી માર્ચ પાસ્ટ કરી હતી. તેના હાથમાં ત્રિરંગો હતો અને ભારતના અન્ય સભ્યો તેની સાથે ચાલી રહ્યા હતા. તમામના ચહેરા ઉપર માસ્ક હતો. ઓપનિંગ સેરેમનીના કેટલાક કલાક પહેલાં પૂર્વનિધારિત ધ્વજવાહક મરિયપ્પન થાંગવેલું અને ભાતીય ટીમના પાંચ અન્ય સભ્યોએક વ્યક્તિ જે કોરોના પોઝિટિવ હતો તેના સંપર્કમાં આવ્યા હતા. આ તમામને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે.**

### વોક રેસમાં અમિત ખત્રીને સિલ્વર મેડલ

ભારતના યુવા એથ્લેટ અમિત ખત્રીએ કેન્યાની રાજધાની નૈરોબીમાં યોજાયેલી જુનિયર વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-૨૦ ચેમ્પિયનશિપની ૧૦ કિલોમીટર રેસ વોકમાં સિલ્વર મેડલ મેળવીને ઇતિહાસ રચ્યો હતો. ભારતે આ ઇવેન્ટની રેસ વોકમાં પ્રથમ વખત મેડલ હાંસલ કર્યો છે.

### સોનલબેન પટેલનો પેરાલિમ્પિક ડેબ્યૂ

સોનલબેન પટેલ પોતાની પેરાલિમ્પિકના ડેબ્યૂ મેચમાં 11-9, 3-11, 17-15, 7-11, 4-11 હારી ગયા. જો કે ત્રીજા સેટમાં પરત ફરતા સોનલે આ સેટમાં જીત મેળવી, પરંતુ અંતિમ સેટમાં ચીનની પેરા એથલીટે જીત મેળવીને ખિતાબ પોતાના નામે કર્યો.

### ભારતની શૈલી સિંઘને લોંગ જમ્પમાં સિલ્વર

ભારતની શૈલી સિંઘે વર્લ્ડ અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની લોંગ જમ્પ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતી લીધો હતો. તેણે શાનદાર દેખાવ કરતાં ૬.૫૯ મીટરના અંતર સાથે ૧૨ ખેલાડીઓની ફાઈનલમાં બીજું સ્થાન હાંસલ કરતાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. તે માત્ર ૧ સેન્ટિમીટરના અંતરથી ગોલ્ડ મેડલ ચૂકી હતી.

# કનૈયાલાલ મુનશીએ મુંબઈના દ્વિભાષી રાજ્યના નિર્ણયને ટેકો આપવા ગુજરાતની પ્રજાને અપીલ કરતું નિવેદન કર્યું

ગતાંકથી શરૂ...

એક રસ્તો તોફાનોનો અને બીજો ઉપવાસનો. મોરારજીભાઈએ ઉપવાસ અંગે તીવ્ર પ્રતિક્રિયાઓ વ્યક્ત કરી.

**મહાગુજરાત માટે સભા**

બીજા દિવસે તા. ૨૦મી ઑગસ્ટના રોજ સાંજે પાંચ વાગે લૉ કૉલેજના મેદાનમાં ઘણી મોટી જાહેરસભા મળી. જેનું પ્રમુખસ્થાન ડૉ. આનંદ શેલતે લીધું. સભામાં વક્તાએ સ્પષ્ટ દહેશત વ્યક્ત કરી કે, મોરારજીભાઈના ઉપવાસની જાહેરાતથી સમજી લેવાનું કે મહાગુજરાતની લડત ઘણી લાંબી ચાલશે અને તેથી તેને ટેકો આપવા સોગંદ લેવા જોઈએ. તેથી હાજર રહેલી જંગી મેદનીએ મહાગુજરાત લેવાના સોગંદ લીધા. તા. ૨૧-૮-૫૬ના રોજ કનૈયાલાલ મુનશીએ મુંબઈના દ્વિભાષી રાજ્યના નિર્ણયને ટેકો આપવા ગુજરાતની પ્રજાને અપીલ કરતું નિવેદન કર્યું. ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા મુનશીના આવા નિવેદનથી ગુજરાતનો સમજુ વર્ગ આશ્ચર્યમાં પડી ગયો હતો.

**નેહરુ બોલ્યા**

મોરારજીભાઈ દેસાઈના ઉપવાસ ચાલુ જ હતા. ઉદ્યોગપતિઓ, વેપારીઓ તેમને ઉપવાસ છોડવા સમજાવવા મળતા હતા. આવી નાજુક પરિસ્થિતિમાં દિલ્હીમાં કૉંગ્રેસ સંસદ પક્ષમાં બોલતા વડા પ્રધાન નેહરુએ સલૂકાઈથી એમ કહ્યું કે, આખરે વિદ્યાર્થીઓ આપણાં જ પુત્રપુ ત્રીઓ છે. તેમને કાબૂમાં રાખવા બળનો પ્રયોગ નહીં પણ મૈત્રીથી માવજત કરવી જોઈએ. હૃદયનાથ કુંજરુએ તો એમ કહ્યું કે, આવા ઉપવાસ સાથે આપણી કોઈ સમજૂતી થઈ શકે નહીં. મોરારજીભાઈના ઉપવાસ છોડાવવા ઢેબરભાઈએ કમર કસી. તેમણે સિનિયર વકીલો સાથે ચર્ચા કરી અને કહ્યું કે તેમનું વજન ૬.૫ કિલો ઘટયું છે. તેમને મળવા યશવંતરાય ચવાણ અમદાવાદ આવ્યા. ઉપવાસના સમાચાર જાણી બોરસદની જાહેરસભામાં ઈન્દુલાલ યાજ્ઞિકે લાક્ષણિક શૈલીમાં ટોણો માર્યો કે, તમે મહેમદાવાદમાં મહારાષ્ટ્ર, મુંબઈ અને ગુજરાતના ત્રણ રાજ્યની માગણી કરી ત્યારે તમારું મગજ ક્યાં ગયું હતું ?




**ઉપવાસ છોડયા પણ**

દરમિયાન જાહેરાત થઈ કે તા. ૨૬-૮-૫૬ના રોજ મોરારજીભાઈ દેસાઈ ઉપવાસના પારણા કરશે અને જાહેરસભાને સંબોધશે. તેમને ઉપવાસ છોડી દેવાની વિનંતી શહેરના કેટલાક નાગરિકોએ કરી જેમાં મુખ્યત્વે મિલમાલિકો, કૉંગ્રેસ આગેવાનો, કેટલાક પત્રકારો અને કેટલાક વકીલો હતા. એવી પણ જાહેરાત થઈ કે, આ સભામાં પ્રવચન વખતે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો નથી. તા. ૨૬મીના સાંજે લાલ દરવાજાના મેદાનમાં મોરારજીભાઈની હાજરીમાં સભા શરૂ થઈ. જોકે સભામાં પોલીસ હાજર હતી, પરંતુ તેણે કશું જ કરવું નહીં તેવી સૂચના અપાયેલી. કેટલાક ઉશ્કેરાયેલા જુવાનિયા સભાસ્થાને ફરી વળ્યા હતા. તેમણે લાઉડસ્પીકર તોડી નાંખ્યા. પથ્થરમારો શરૂ થતાં સામસામે પથ્થરમારો થયો. ટોળાંને વિખેરવા પોલીસે ટિયરગૅસ છોડયો. જે વાગવાથી એકનું મરણ થયું અને ૧૨૬થી વધુ ઈજાઓ થઈ. શરૂઆતમાં થોડાક લોકો આવ્યા હતા, પરંતુ સભા શરૂ થતાં જ પોલીસ અને ટોળાં વચ્ચે સામસામી પથ્થરબાજી ચાલી. આવી હાલતમાં પણ મોરારજીભાઈએ ભાષણ કરી જણાવ્યું કે, 'મારા મરણથી કેટલાક ખુશ થવા માગતા હતા, પરંતુ મારે આવી ખોટી રીતે ભોગ નહીં આપવો જોઈએ. જે માટે ઉપવાસ શરૂ કર્યા હતા, તે કાર્ય પાર પડતાં મારે ઉપવાસ છોડી દેવા તેમ માનું છું.' આવી સ્થિતિમાં પણ તેમણે ૩૮ મિનિટ પ્રવચન કર્યું અને ઉપવાસના પારણા કર્યા. તેમણે જણાવ્યું કે ૬-૭ માસમાં જે ચૂંટણી થવાની છે, ત્યારે સ્વતંત્ર રીતે મત આપી શકો છો. સભામાં ઍડ્વોકેટ એચ. કે. ઠાકોર અને બાબુભાઈ વાસણવાળાએ તેમને (મોરારજીભાઈને) પથ્થરો વાગતાં રોકવા આગળ ઊભા રહી પ્રયાસો કર્યા. તેમાં બંનેને કેટલાક પથ્થરો વાગ્યા હતા. તે જ રાતના ટ્રેનમાં મુંબઈ જતાં મોરારજીભાઈએ કહ્યું કે મને આશા છે કે, અમદાવાદમાં હવે શાંતિ ફેલાશે. સભામાં તોફાન કરવા માટે પોલીસે ૭૫ જણાંને પકડીને જેલમાં મોકલ્યા હતા.

ઉપવાસ સાથે કોઈ સમજૂતી થઈ શકે નહીં. મોરારજીભાઈના ઉપવાસ છોડાવવા ઢેબરભાઈએ કમર કસી. તેમણે સિનિયર વકીલો સાથે ચર્ચા કરી અને કહ્યું કે તેમનું વજન 6.5 કિલો ઘટયું છે.

**દેવેન્દ્ર પટેલ**

સંપર્ક

+91 98792 07102

# કૃષિ કાયદા, ટેકાના ભાવ મુદ્દે 8મીએ દેશમાં ધરણાની કિસાન સંઘની ચીમકી

## બીજી તરફ પંજાબ સરકારે શેરડીનો રેટ વધારીને 360 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરી દીધો

નવી દિલ્હી : ખેડૂતોના કૃષિ કાયદા વિરોધના આંદોલનમાં હવે રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘના સંગઠન ભારતીય કિસાન સંઘ (બીકેએસ) પણ જોડાયું છે. કિસાન સંઘે જાહેરાત કરી છે કે કેન્દ્ર સરકાર કૃષિ કાયદાઓ અને ટેકાના ભાવ અંગે વહેલા નિર્ણય નહીં લે તો આઠમી સપ્ટેમ્બરથી દેશવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે. કિસાન સંઘે આ નિર્ણય લેવા માટે કેન્દ્ર સરકારને આ મહિનાના અંત સુધીનો સમય આપ્યો છે.

કિસાન સંઘના નેતા યુગલ કિશોર મિશ્રાએ કહ્યું હતું કે અમે મોદી સરકારને કૃષિ કાયદા અને ટેકાના ભાવ અંગે નિર્ણય લેવા માટે 31મી ઓગસ્ટ સુધીનો સમય આપીએ છીએ. જો સરકાર અમારી માગણીઓ અંગે કોઈ સકારાત્મક નિર્ણય નહીં લે તો આઠમી સપ્ટેમ્બરના રોજ દેશવ્યાપી ધરણા કરવામાં આવશે અને તે બાદ પણ અમારી માગણીઓને આગળ ધપાવવા માટે નિર્ણય લેવામાં આવશે.

બીજી તરફ પંજાબ સરકારે શેરડીના ખેડૂતોની માગણી સ્વીકારી લીધી છે. આ સાથે જ પંજાબ સરકારે શેરડીનો રેટ વધારીને 360 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરી દીધો છે. પંજાબના ખેડૂતો શેરડીનો રેટ વધારવાને લઈ આંદોલન કરી રહ્યા હતા. આ રીતે સરકાર દ્વારા નવા રેટની જાહેરાત કરાયા બાદ ખેડૂતોએ પોતાનું પ્રદર્શન પાછું ખેંચી લીધું છે. મુખ્યમંત્રીએ ખેડૂત નેતાઓ સાથે બેઠક બાદ શેરડીના રાજ્ય પરામર્શ મૂલ્ય (એસએપી)માં વધારો કરવાની જાહેરાત કરી છે.

# જમ્મુ-કાશ્મીરમાં પાણી મોંઘુ, ઘરેલું કનેક્શનમાં 8 ટકા સુધીનો વધારો

## જાહેર કરાયેલા દરો એપ્રિલ 2021થી અમલી ગણાશે

**નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીરમાં પાણીના દરમાં વધારો કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીર જળ સંસાધન રેગ્યુલરેટરી ઓથોરિટીએ પાણીના ભાડાનો નવો દર જાહેર કર્યો છે. ગામડા અને શહેરોમાં અડધા અને પોણા ઈંચના પાઈપના ઘરેલુ પાણી કનેક્શનમાં પાણીનું ભાડુ 6થી 8 ટકા વધારી દેવામાં આવ્યું છે. આ જ રીતે વાણિજ્યિક, ઉદ્યોગ, બોરવેલ, કૃષિ સહિતની અન્ય શ્રેણીના ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. પાણીના ભાડાનો નવો દર એપ્રિલ 2021થી લાગુ થી ગયો છે.

ઓથોરિટીના નોટિફિકેશન પ્રમાણે નવા દરો એપ્રિલ 2021થી માર્ચ 2022 સુધી પ્રભાવી રહેશે. તેના પહેલા ડિસેમ્બર 2017માં પાણીના ભાડાના નવા દરનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. તે ક્રમશઃ વર્ષ 2018-19, 2019-20 અને 2020-21 માટે હતું. જમ્મુ અને કાશ્મીર વોટર રિસોર્સ એક્ટ 2010ની કલમ 128 અંતર્ગત જાહેર કરવામાં આવેલા દરો એપ્રિલ 2021થી પ્રભાવી કરવામાં આવેલા છે.

# રામમંદિર પર ચુકાદો આપનારા SCના નિવૃત્ત જસ્ટિસના મકાન પર બોમ્બમારો

**નવી દિલ્હી**

રામ મંદિર પર ચુકાદો આપનારા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ અશોક ભૂષણના પ્રયાગરાજ ખાતે આવેલા પૈતૃક મકાન પર બોમ્બમારાની ચોંકાવનારી ઘટના સમે આવી છે. સોમવારે સાંજે લગભગ 5:30 કલાકે તેમના ઘર બહાર એક બાદ એક એમ કુલ 2 બોમ્બ ફોડ્યા બાદ બદમાશો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. બોમ્બમારા અંગેની સૂચના બાદ અનેક થાણાની પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. કર્નલગંજ થાણા ક્ષેત્રના હાશિમપુર મોહલ્લામાં સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જસ્ટિસ અશોક ભૂષણનું પૈતૃક મકાન છે. સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજ જસ્ટિસ અશોક ભૂષણ પોતાના પરિવાર સાથે કેન્ટ થાણા ક્ષેત્રના અશોક નગરમાં રહે છે. હાશિમપુર ખાતેના પૈતૃક મકાનમાં તેમના ભાઈ અને અલાહાબાદ હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ અનિલ ભૂષણ પોતાના પરિવાર સાથે રહે છે. અનિલ ભૂષણના કહેવા પ્રમાણે તેજ વિસ્ફોટ સાથે 2 બોમ્બ ફોડવામાં આવ્યા હતા. ધમાકાનો અવાજ સાંભળીને જ્યારે તેઓ બહાર નીકળ્યા ત્યારે બાઈક સવાર બદમાશો ફરાર થઈ ગયા હતા.

# નારાયણ રાણે સામે દંડાત્મક પગલાં નહીં ઉદ્ધવ સરકારનો બોમ્બે હાઈકોર્ટમાં જવાબ

**મુંબઈ**

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને થપ્પડ મારવાના નિવેદન બાદ સર્જાયેલા રાજકીય વિવાદમાં થોડો અંતરાલ પડયો હોય તેમ જણાઈ રહ્યું છે. મંગળવારે કેન્દ્રીયમંત્રી નારાયણ રાણેની આ કેસમાં ધરપકડ થયા બાદ મોડી રાત્રે તેમને જામીન મળી ગયા હતા. ત્યારબાદ બુધવારે સવારે હાઈકોર્ટમાં પણ આ કેસમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી સમયે ઉદ્ધવ સરકારે કોર્ટને જણાવ્યું હતું કે, નારાયણ



રાણે સામે વિવાદિત નિવેદન કેસમાં કોઈ દંડાત્મક પગલાં લેવાશે નહીં. નાસિકમાં દાખલ થયેલા કેસમાં હાલ કોઈ પગલાં લેવાશે નહીં. ત્યારબાદ કોર્ટે પણ નાસિકમાં દાખલ થયેલા કેસમાં ૧૭ સપ્ટેમ્બર સુધી પગલાં ન લેવા તાકીદ કરી હતી અને પૂણેમાં દાખલ થયેલા કેસની

બીજી તરફ વિશ્વ હિન્દુ સેના પ્રમુખ અરુણ પાઠકે ફરી એકવાર સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. વારાણસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પોસ્ટરો ચોંટાડવાના કેસમાં ત્રણ મહિનાથી ફરાર પાઠકે ફેસબુક અને ટ્વિટર પર કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેનું માથુ વાઢી નાખનારને 51 લાખનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

# સાંસદ અને ધારાસભ્યો સામેના કેસોની તપાસ ટલ્લે ચડાવાતા સુપ્રીમ લાલઘૂમ

## 51 સંસદ સભ્યો, 71 ધારાસભ્ય સામે મની લોન્ડરિંગના કેસ નોંધાયા છે

**નવી દિલ્હી**

સીટિંગ અને પૂર્વ સાંસદો અને ધારાસભ્યો સામેના કેસોની તપાસમાં ઈડી અને સીબીઆઈ દ્વારા થતા વિલંબ પર સુપ્રીમ કોર્ટે બુધવારે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. ભારતના ચીફ જસ્ટિસ એન વી રમન્ના, જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડ અને જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે મોટાભાગના કેસોમાં ૧૦થી ૧૫ વર્ષ કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં ચાર્જશીટ પણ દાખલ નહીં કરવાના કારણો નહીં આપવા માટે ઈડી અને સીબીઆઈ પ્રત્યે ઉગ્ર નારાજગી વ્યક્ત કરી હતી. ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે અમારી સમક્ષ ઈડી અને સીબીઆઈ દ્વારા રજૂ કરાયેલા રિપોર્ટ અધૂરા છે. ૧૦થી ૧૫ વર્ષ પછી પણ ચાર્જશીટ દાખલ કેમ નથી કરાતી તેના કોઈ કારણ રજૂ કરાયા નથી.

ઈડી અને સીબીઆઈના રિપોર્ટ પ્રમાણે ૫૧ સંસદસભ્યો અને ૭૧ ધારાસભ્ય સામે મની લોન્ડરિંગના કેસ નોંધાયેલા છે જ્યારે વર્તમાન સાંસદો અને ધારાસભ્યો સામે સીબીઆઈ ૧૨૧ કેસમાં તપાસ કરી રહી છે. બંને એજન્સી દ્વારા રજૂ કરાયેલા રિપોર્ટને ટાંકીને ચીફ જસ્ટિસ રમન્નાએ જણાવ્યું હતું કે, ૫૧ સીટિંગ અને પૂર્વ ધારાસભ્યો મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહ્યાં છે. તેમાંથી ૨૮ કેસમાં હજુ ૮ થી ૧૦ વર્ષથી તપાસ જ ચાલી રહી છે.

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ થયેલી હિંસા મામલે CBIએ 9 કેસ દાખલ કર્યા

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ થયેલી હિંસા મુદ્દે ગુરૂવારે સીબીઆઈએ ભારે મોટી કાર્યવાહી કરી છે અને ૯ કેસ દાખલ કર્યા છે. જાણવા મળ્યા મુજબ સીબીઆઈના તમામ ૪ એકમ કોલકાતાથી પોતાની ટીમોને સંબંધિત અપરાધ સ્થળો પર મોકલી રહી છે. ઉપરાંત વધુ કેટલાક કેસ નોંધવાની પ્રક્રિયા ચાલુ છે અને તે પૈકીના અમુક કેસ રાજ્ય સરકારે સોંપ્યા છે.

કલકત્તા હાઈકોર્ટની ૫ સદસ્યોની પીઠે આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ બંગાળમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી બાદના કથિત દુષ્કર્મ અને હત્યાના કેસની તપાસ સીબીઆઈને સોંપી છે. ગત ૧૯ ઓગષ્ટના રોજ કોલકાતા હાઈકોર્ટે મુખ્યમંત્રી મમતા બેનર્જીને ભારે મોટો આંચકો આપીને ચૂંટણી બાદ થયેલી હિંસાની તપાસ સીબીઆઈને સોંપી દીધી હતી. હાઈકોર્ટે આદેશ આપતા કહ્યું હતું કે, સીબીઆઈ કોર્ટના મોનિટરિંગમાં જ તપાસ કરશે. હાઈકોર્ટે કહ્યું હતું કે, હત્યા અને દુષ્કર્મના કેસની તપાસ સીબીઆઈ કરશે, જ્યારે અન્ય કેસની તપાસ એસઆઈટી કરશે.

માનવાધિકાર આયોગની તપાસ કમિટીએ પોતાના રિપોર્ટમાં મમતા બેનર્જી સરકારને દોષી માની હતી. આયોગે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે, દુષ્કર્મ અને હત્યા જેવા કેસની તપાસ સીબીઆઈ પાસે કરાવવામાં આવે અને આ કેસની સુનાવણીઓ બંગાળની બહાર થાય.



# ફસાયેલા લોકોને બચાવવાનું ચાલે રહેશે : US

## છેલ્લા 24 કલાકમાં 90 ફ્લાઈટ્સ દ્વારા 19000 લોકોને સલામત રીતે ખસેડવામાં આવ્યા

**કાબુલ**

કાબુલ એરપોર્ટ ૩૧ મી ઓગસ્ટની ડેડલાઈન પછી પણ ત્યાં ફસાયેલા અમેરિકનો તેમજ જોખમમાં મુકાયેલા અફઘાનીઓનાં ઈવેક્યુએશનની કામગીરી માટે ખુલ્લું રહેશે તેવા સંકેતો અમેરિકાએ આપ્યા છે. અમેરિકાનાં વિદેશપ્રધાન એન્ટોની બ્લિન્કને કહ્યું હતું કે, અમેરિકાનાં લશ્કર દ્વારા તેનું મિશન પૂરું કર્યા પછી અમેરિકા પાછા ફરવામાં આવે તે પછી જો જરૂર પડે તો લોકોને અન્ય દેશોમાં ખસેડવાની કામગીરી સ્થાનિક દેશોની મદદથી કરવામાં આવશે. કાબુલ એરપોર્ટ પર અમેરિકાનાં સૈન્યની હાજરી અંગે અન્ય વિકલ્પો વિચારવામાં આવી રહ્યા છે. એરપોર્ટની કામગીરી ચાલુ રહે અને એરપોર્ટ ખુલ્લું રહે તેમ તાલિબાનો પણ ઈચ્છે છે. અમેરિકા સહિત કેટલાક અન્ય દેશો પણ એવું ઈચ્છે છે કે જેમને અન્ય દેશોમાં જવું છે તેવા લોકો માટે ૩૧ ઓગસ્ટ પછી કાબુલ એરપોર્ટ ખુલ્લું રહે અને ઈવેક્યુએશનની કામગીરી ચાલુ રહે. અમેરિકનો તેમજ અફઘાનોને દેશ છોડીને અન્ય દેશમાં લઈ જવા અમારા માટે કોઈ ડેડલાઈન નથી. બ્લિકને કહ્યું કે તાલિબાને ૩૧ ઓગસ્ટ પછી પણ અમેરિકનો તેમજ જેમનાં પર જોખમ છે તેવા અફઘાનોને દેશ છોડવાની મંજૂરી આપવાની ખાતરી આપી છે. અમેરિકાએ જણાવ્યું હતું કે, ફસાયેલા લોકોને બચાવવાનાં કાર્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૦ ફ્લાઈટ્સ દ્વારા ૧૯,૦૦૦ લોકોને સલામત રીતે ખસેડવામાં આવ્યા છે.





### કાબુલમાં બ્લાસ્ટથી હડકંપ, ભારતીયોને પરત લાવવાના મિશનને લાગ્યો ઝટકો

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ ભારત, અમેરિકા સહિત ઘણા દેશો મોટા પાયે બચાવ મિશન ચલાવી રહ્યા છે. ગુરુવારે કાબુલ એરપોર્ટ પર બ્લાસ્ટ થવા અગાઉ, એક ઇટાલિયન લશ્કરી વિમાન કાબુલ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા બાદ તેના પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આવી સ્થિતિમાં અમેરિકાએ સૌપ્રથમ તેના લોકોને એરપોર્ટની નજીક ન જવાની સૂચના આપતા એક એડવાઈઝરી બહાર પાડી છે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે ભારતીયોને લાવવાના મિશનને પણ મોટો આંચકો મળી શકે છે. કાબુલ એરપોર્ટ પર નિયંત્રણ માટે તાલિબાન, તુર્કી અને અમેરિકા વચ્ચે તણાવની સ્થિતિ ઉભી થઈ છે.

### તાલિબાનીઓએ ઢોર માર મારી પત્રકાર જિઆર ખાનની હત્યા કરી નાખી

તાલિબાને ટોલો ન્યૂઝના પત્રકાર જિઆર ખાન યાદની હત્યા કરી દીધી છે. આની પહેલાં બુધવારના રોજ તાલિબાને ઉઠાવી લીધો હતો અને ઢોર માર માર્યો હતો. ટોલો ન્યૂઝના મતે જિઆર ખાનનું મોત થઇ ગયું છે. કહેવાય છે કે જિઆર કાબુલ શહેરમાં એક રિપોર્ટ બનાવી રહ્યો હતો. તાલિબાનના આતંકીઓએ જિઆર ખાનને રિપોર્ટ બનાવતા રોક્યો અને તેનો કેમેરો તથા બીજા સાધનો તોડી નાંખ્યા. તેના ફોનને પણ તાલિબાને જપ્ત કરી લીધો છે. કહેવાય છે કે જિઆરનો આ રિપોર્ટ ગરીબી અને બેરજોગારી પર હતો. તાલિબાન આતંકીઓએ જિઆરની ઢોર માર મારી બરહેમેથી હત્યા કરી છે.

### અફઘાનિસ્તાનમાં અમેરિકાના ૧૫૦૦ કરતાં વધુ નાગરિકો ફસાઈ ગયા

બ્લાસ્ટ થયા પછી મળતા અહેવાલો પ્રમાણે અમેરિકી સેના ૩૧ ઓગસ્ટની ડેડલાઇનના ૩ દિવસ પહેલાં જ અફઘાનિસ્તાન છોડી દેવાની યોજના તૈયાર કરી રહી છે. જો તેમ થશે તો અમેરિકાના ૧૫૦૦ કરતાં વધુ નાગરિકો અફઘાનિસ્તાનમાં જ ફસાઇ જાય તેવું જોખમ સર્જાયું છે. સીએનએનના અહેવાલો અનુસાર બુધવારની મધરાતના ૩૬ કલાક પછી અમેરિકી સેનાં કાબુલ એરપોર્ટ પરથી રવાના થઇ જશે કારણ કે, સ્થિતિ અત્યંત ભયજનક બની રહી છે. બીજી તરફ ફ્રાન્સના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, અમે શુક્રવારથી કાબુલ એરપોર્ટ ખાતેનું રેસ્ક્યૂ ઓપરેશન બંધ કરી દઇશું. કેનેડાએ ગુરુવારે જ ઇવેક્યુએશન મિરાન બંધ કરી દીધું હતું.

## કેનેડામાં યુએસ સરહદ ખુલી, યાત્રીઓની સંખ્યા બમણી થઈ

**ટોરન્ટો**

કેનેડા અને અમેરિકા વચ્ચેની સરહદને પૂર્ણ રીતે વેકસીનેટેડ અમેરિકનો માટે ખુલ્લી મુકાયાના પહેલા અઠવાડિયામાં જ બિનઆવશ્યક પ્રવાસ કરનારાઓનું પ્રમાણ બમણાંથી પણ વધી ગયું હતું. કેનેડા સરકારના આંકડાઓ મુજબ ઓગસ્ટની નવમી તારીખથી ૧૫મી તારીખ દરમિયાન ૨૧૮૭૩૨ બિન વ્યાપારિક પ્રવાસીઓ કેનેડામાં પ્રવેશી ચુકયા હતા, જેમાં અમેરિકન અને કેનેડીયન બંનેનો સમાવેશ થાય છે. જેમાં અમેરિકનોના પ્રમાણમાં એક અઠવાડિયા અગાઉની સરખામણીમાં ૧૧૧ ટકાનો વધારો નોંધાતા એ આંક ગયા અઠવાડિયા કરતા ૧૦૩૩૪૪ જેટલો વધી ગયો હતો. જયારે સરહદ બંધ હતી ત્યારે વર્ષ ૨૦૨૦ના આ જ અઠવાડિયામાં સરહદ પાર કરનારાઓમાં ૭૪૫૬૨ની સરખામણીમાં હાલના આંકમાં ૨૦૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૧૯ના એ અઠવાડિયામાં કોવિડ-૧૯ની શરૂઆત પહેલા એ આંક ૧.૪ મિલીયનનો હતો. પ્રાંતીય ધોરણે સરકાર બિન વ્યાપારિક પ્રવાસીઓ અને ટ્રક ડ્રાઈવર્સના આંકડાઓ ગણતરીમાં લેતી નથી, જે એ અઠવાડિયામાં વધ્યો હતો.

## ભારત મેન્યુફેક્ચરિંગ હબમાં વિશ્વભરમાં બીજા ક્રમાંકે, અમેરિકા પાછળ ધકેલાયું

**વોશિંગ્ટન**

કોરોનાના આ સમયમાં ભારતે અમેરિકાના મેન્યુફેક્ચરિંગને પણ પાછળ ધકેલી દીધુ છે. જાણકારી અનુસાર, ભારતે અમેરિકાને ત્રીજા નંબરે ધકેલ્યુ છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કુશમેન એન્ડ વેકફિલ્ડ અનુસાર ચીન બાદ ભારત દુનિયાનુ બીજુ સૌથી પસંદગીનું ઉત્પાદન હબ બની ગયુ છે. વૈશ્વિક વિનિર્માણ જોખમ સૂચકાંક-2021માં ચીન પહેલા સ્થાને છે. યુરોપ, અમેરિકા અને એશિયા-પ્રશાંતના 47 દેશમાં વૈશ્વિક વિનિર્માણ માટે આકર્ષક ડેસ્ટિનેશનનુ આકલન કરે છે. અધિક માગવાળા મેન્યુફેક્ચરિંગ ડેસ્ટિનેશનમાં કેનેડા ચોથા, ચેક ગણરાજ્ય પાંચમા, ઈન્ડોનેશિયા છઠ્ઠા સ્થાને છે. ગત વર્ષે આ રિપોર્ટમાં અમેરિકા બીજા સ્થાને હતુ જેને હવે ભારતે ત્રીજા સ્થાને ધકેલી દીધા છે. કુશમેન એન્ડ વેકફીલ્ડ



અનુસાર જાણ થાય છે કે મેન્યુફેક્ચરર્સ અમેરિકા અને એશિયા-પ્રશાંત ક્ષેત્રની સરખામણી ભારતમાં વધારે રૂચિ બતાવી રહ્યા છે. ભારત કાર્યરતની પરિસ્થિતિઓ અને ખર્ચ કાર્યક્ષમતાના કારણે ઉત્પાદન હબ તરીકે આકર્ષણુ વધાર્યુ છે.

## અમેરિકામાં વસતા ભારતીયોની સરેરાશ ઘરેલુ આવક ૧,૨૩,૭૦૦ ડોલર થઈ

**વોશિંગ્ટન**

અમેરિકામાં તાજેતરમાં કરાયેલ વસ્તી ગણતરીના આંકડામાં જાણવા મળ્યું છે કે કોલેજ શિક્ષણ અને સંપત્તિની બાબતમાં ભારતીયોએ અમેરિકાની રાષ્ટ્રીય સરેરાશની સરખામણીમાં જોરદાર દેખાવ કર્યો છે. અમેરિકામાં વસતા ભારતીયોની સરેરાશ ઘરેલુ આવક ૧,૨૩,૭૦૦ ડોલર થઈ ગઈ છે. જેની સામે અમેરિકાની કુલ વસ્તીની સરેરાશ આવક ૬૩,૯૨૨ ડોલર છે.

અમેરિકામાં તાજેતરમાં થયેલ વસ્તી ગણતરીના આંકડા દર્શાવે છે કે અમેરિકામાં વસતા ભારતીયો પૈકી ૭૯ ટકા કાલેજના ગ્રેજ્યુએટ છે. જ્યારે અમેરિકાની કુલ વસ્તીમાં આ સંખ્યા ૩૪ ટકા છે. જેના પરથી પુરવાર થાય છે કે અમેરિકામાં વસતા ભારતીયોએ શિક્ષણ પર વધુ ધ્યાન આપવાનું શરૃ કરી દીધું છે. અમેરિકામાં વસતા ભારતીયોના આ શાનદાર દેખાવને પગલે એશિયાના અન્ય લોકો પાછળ રહી ગયા છે. મીડિયન હાઉસહોલ્ડ ઈનકમ લેવલના હિસાબે ભારત પછી તાઈવાન અને ફિલિપાઈન્સના લોકોનો નંબર આવે છે.

અમેરિકામાં વસતા તાઈવાનના નાગરિકોની સરેરાશ ઘરેલુ આવક ૯૭૦૦૦ ડોલર છે જ્યારે ફિલિપાઈન્સના નાગરિકોની સરેરાશ ઘરેલુ આવક ૯૫,૦૦૦ ડોલર છે. અમેરિકામાં વસતા ચીનના નાગરિકોની સરેરાશ ઘરેલુ આવક ૮૫,૨૨૯ ડોલર છે જ્યારે જાપાનના નાગરિકોની સરેરાશ ઘરેલુ આવક ૮૪,૦૬૮ ડોલર છે. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં હાલમાં ૪૦ લાખ ભારતીયો વસવાટ કરે છે. જેમાં ૧૬ લાખ વિઝા હોલ્ડર છે. ૧૪ લાખ નેચરલાઈઝ્ડ રેસિડન્ડ છે અને ૧૦ લાખ અમેરિકામાં જન્મેલા રહેવાસી છે.

## અમેરિકામાં 18 લાખ ડોલરનું ફ્રોડ કરનારા ભારતીયને 2 વર્ષની જેલ

**વોશિંગ્ટન**

અમેરિકામાં કામ કરતાં ભારતીય મૂળના ટેકનોલોજી ક્ષેત્રના એક્ઝિક્યૂટિવ કક્ષાના ૪૮ વર્ષિય નાગરિકને કોવિડની મહામારીના બહાને નકલી દસ્તાવેજો રજૂ કરી સરકાર પાસેથી ૧૮ લાખ ડોલરની રાહત લોન લેવાનું કૌભાંડ આચરવા બદલ બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

વોશિંગ્ટન રાજ્યના ક્લાઈડ હિલ કાઉન્ટિમાં રહેતાં મુકુંદ મોહનને ગત ૧૫ માર્ચના રોજ કૌભાંડ આચરવાના અને મની લોન્ડરિંગ કરવાના આરોપસર દોષિત જાહેર કરવામાં આવ્યો હતો એમ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. અગાઉ માઈક્રોસોફ્ટ અને એમેઝોન જેવી મહાકાય કંપનીઓમાં કામ કરી ચૂકેલા મોહને તેની બોગસ કંપની માટે અમેરિકાની સરકાર દ્વારા જાહેર કરાયેલા પે પ્રોટેક્શન પ્રોગ્રામ અંતર્ગત કૌભાંડ આચરીને રાહતના દરે લોન લેવા પોતાની કંપનીના કર્મચારીઓના ખોટા દસ્તાવેજો સરકાર સમક્ષ રજૂ કર્યા હતા. ગત જુલાઈ મહિનામાં પોલીસે તેની ધરપકડ કરી તે પહેલાં તેણે પોતાની બોગસ કંપની માટે સરકાર પાસે ૫૫ લાખ ડોલરની લોનની અરજી કરી હતી જેના માટે તેણે તમામ દસ્તાવેજ નકલી અને ખોટી રીતે તૈયાર કર્યા હતા.

# SOLD YES

SELL YOUR HOME FAST & TOP $$$

- ✓ Marketing : Interment / Online Marketing, Full MLS, Facebook, Instagram, E-Blast, Whats App, Relator Network, Radio, Sponsored Ad, Local News Paper
- ✓ Competitive Commission Package ( Low commission Option Available)
- ✓ Help for Best Mortgage Arranged for Buyers
- ✓ First time Home Buyer
- ✓ New Immigration

**FREE** Home Market Evaluation

**FREE** Home Staging Consultation

**FREE** virtual Tour with Photos

**OPEN** House Until Sold

## I Sell For More!

HOT MARKET LOW/STABLE INTERST RATE

Google Customer Reviews ★★★★★



# Pranay Jani

Real Estate Broker

## 416-258-5264

pranayjanig1@gmail.com

Pranayjani (Facebook)    Pranayjanig1 (Instagram)

## Call Toh Karna Hi Hoga!

HOMELIFE HIGHER STANDARDS G1 REALTY INC. Brokerage

Each Office Independently Owned & Operated

2260, Bovaird Dr. E, Unit 202, Brampton ON L6R 3J5
T 905-793-7797 F. 905-593-2619
www.pranayjani.com



# Dr. Salim Kapadia DDS
## Dental Centre

Your Perfect Smile... 2020 readers' choice Awards PLATINUM Is Our Greatest Satisfaction!



### SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges(Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

**416-321-3268**



**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
**Cell: 647-866-2790**
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 …
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more …

**Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011**
**Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings**



## MOTEL KING : Specializing in Selling Motels: LIST & SELL with confidence

| | |
|---|---|
| **18 Room Motel Near Pembroke - SOLD**<br>1.5 hrs from Ottawa / 4 hrs from GTA | **13 Room Motel Near Ottawa - $950,000**<br>Within the city, 3 rooms with full kitchenette<br>Low operating costs. All amenities near by |
| **42 Room Motel Near Timmins - $1,300,000**<br>On Hwy 11, Within the city, indoor corridor | **27 Room Motel in Thunder Bay - $1,999,000**<br>**60 Room Motel in Thunder Bay - $2,000,000** |
| **Small to Mid-Size Motels in Northern Ontario**<br>Price: $1,300,000 to $2,500,000 | **35+ Room Motel Near Sault Ste. Marie - $2,200,000**<br>VTB available, 40% down payment require from buyer |
| **Other 15 to 40 Room motels coming up for sale**<br>Price: $1M to $4.5M Buyers to have 40%-50% down payment | **Recently SOLD Motels Near**<br>Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke |

**Motel Job or Working Partner opportunity**

**@ Experienced Motel Operator:** to run motel in northern Ontario, English & computer knowledge require. Good salary.
**@ Working Partner:**willing to invest minimum $200K, offering 25% to 50% partnership + management salary to run the motel in north

**SERIOUS BUYERS: you must need about 35% down payment & to sign buyer representation agreement.**
**Call for personal meeting to see motel's financial & to discuss mortgage options. Private finance available.**

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100